ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૪૫ ૧ ઑક્ટોમ્બર ૨૦૧૮ પાના-૧૬ વાર્ષિક લવાજમ -રૂ.૧૦૦/-

## રાજવાણી

### ॐ ધ્યાન

દુરન્ત તથા સારવર્જિત આ અનાદિ સંસારમાં ગુણસહિત મનુષ્યપણું જીવને દુષ્પ્રાપ્ય અર્થાત્ દુર્લભ છે.

હે આત્મન્! તેં જો આ મનુષ્યપણું કાકતાલીય ન્યાયથી પ્રાપ્ત કર્યું છે, તો તારે પોતામાં પોતાનો નિશ્ચય કરીને પોતાનું કર્તવ્ય સફળ કરવું જોઈએ. આ મનુષ્યજન્મ સિવાય અન્ય કોઈ પણ જન્મમાં પોતાના સ્વરૂપનો નિશ્ચય નથી થતો. આ કારણથી આ ઉપદેશ છે.

અનેક વિદ્વાનોએ પુરુષાર્થ કરવો એ આ મનુષ્યજન્મનું ફળ કહ્યું છે. આ પુરુષાર્થ ધર્માદિક ભેદથી ચાર પ્રકારે છે. પ્રાચીન મહર્ષિઓએ ૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ, અને ૪. મોક્ષ, એમ ચાર પ્રકારનો પુરુષાર્થ કહ્યો છે. આ પુરુષાર્થમાં પ્રથમના ત્રણ પુરુષાર્થ નાશસહિત અને સંસારરોગથી દૂષિત છે એમ જાણીને તત્ત્વોના જાણનાર જ્ઞાનીપુરુષ અંતનો પરમપુરુષાર્થ અર્થાત્ મોક્ષનાં સાધન કરવામાં જ યત્ન કરે છે. કારણ કે મોક્ષ નાશરહિત અવિનાશ છે. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ રૂપ સમસ્ત કર્મોના સંબંધના સર્વથા નાશરૂપ લક્ષણવાળો તથા જે સંસારનો પ્રતિપક્ષી છે તે મોક્ષ છે. આ વ્યતિરેક પ્રધાનતાથી મોક્ષનું સ્વરૂપ છે. દર્શન અને વીર્યાદિ ગુણ સહિત તથા સંસારના ક્લેશો રહિત ચિદાનંદમયી આત્યંતિક અવસ્થાને સાક્ષાત્ મોક્ષ કહે છે. આ અન્વય પ્રધાનતાથી મોક્ષનું સ્વરૂપ કહ્યું છે.

જેમાં અતીંદ્રિય ઈંદ્રિયોથી અતિક્રાંત, વિષયોથી અતીત, ઉપમારહિત અને સ્વાભાવિક, વિચ્છેદરહિત, પારમાર્થિક, સુખ હોય તેને મોક્ષ કહ્યો જાય છે. જેમાં આ આત્મા નિર્મળ, શરીરરહિત, ક્ષોભરહિત, શાંતસ્વરૂપ, નિષ્પન્ન (સિદ્ધરૂપ), અત્યંત અવિનાશી સુખરૂપ, કૃતકૃત્ય તથા સમીચીન સમ્યક્જ્ઞાન સ્વરૂપ થઈ જાય છે તે પદને મોક્ષ કહીએ છીએ.

ધીરવીર પુરુષ આ અનંત પ્રભાવવાળા મોક્ષરૂપ કાર્યના નિમિત્ત, સમસ્ત પ્રકારના ભ્રમોને છોડી, કર્મબંધ નાશ કરવાના કારણરૂપ તપને અંગીકાર કરે છે.

શ્રી જિન સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્રને મુક્તિનું કારણ કહે છે. અતએવ જે મુક્તિની ઈચ્છા કરે છે, તે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રને જ મોક્ષનું સાધન કહે છે.

મોક્ષનાં સાધન જે સમ્યક્દર્શનાદિક છે તેમાં 'ધ્યાન' ગર્ભિત છે. તે કારણ ધ્યાનનો ઉપદેશ હવે પ્રકટ કરતાં કહે છે કે ''હે આત્મન્ ! તું સંસારદુઃખના વિનાશ અર્થે જ્ઞાનરૂપી સુધારસને પી અને સંસારસમુદ્ર પાર ઉતરવા માટે ધ્યાનરૂપ વહાણનું અવલંબન કર.

**શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૧૦૨ (અપૂર્ણ)**

**મુંબઈ, માહ ૧૯૪૬**

કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે; મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે. પ્રત્યેક અંતરગુફામાં તે જાજ્વલ્યમાન છે. સુધારણા કરતાં વખતે શ્રાદ્ધોત્પત્તિ થવી સંભવે, માટે ત્યાં અલ્પભાષી થવું, અલ્પહાસી થવું, અલ્પપરિચયી થવું, અલ્પભાવના દર્શાવવી, અલ્પસહચારી થવું, અલ્પગુરૂ થવું, પરિણામ વિચારવું, એ જ શ્રેયસ્કર છે.

**શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૧૦૩**

**।। સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો,**
**સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો।।**

## વ્યાજ પર ચાલતી સંસ્થા સુસ્ત થાય છે...

મિ. તાતાની રૂા.૨૫૦૦૦/- ની સખાવતથી જેમ સંતોષ થાય છે તેમ જરા સાવચેતીની પણ જરૂર છે. ભેટ (દાન) ના પૈસાનો સદુપયોગ કોઈક જ કરી શકે છે. તેથી લોકો નબળા અને આપમતલબીયા બને છે. આદર્શ તો કંઈ પણ નહી માંગવાનો રહેવો જોઈએ. વ્યાજ ઉપર ચાલતી સંસ્થાઓ અંતે સુસ્ત થાય છે. જે સંસ્થાની પ્રજાને ગરજ કે જરૂર છે તે સંસ્થાને પ્રજા નિભાવી લેશે. જે કોઈ સંસ્થા પોતાની નૈતિક તાકાત વડે સ્થાનિક ટેકો ન મેળવી શકે તે ટકાવી રાખવા યોગ્ય નથી. એણે જો સ્થાયી સ્વરૂપ ધારણ કરવું હોય તો તેણે પોતાના અસ્તિવ માટે પોતાની જ સ્વાધીનતા પર અને આંતરિક જીવન શક્તિ પર આધાર રાખવો રહ્યો. જાહેર સંસ્થા પાસે પડત પૈસા હોવા જ ન જોઈએ. તેમણે જેમ બને તેમ ઈશ્વરીય કાયદાને વશ વર્તવું જોઈએ. વળી જાહેર સંસ્થાને થાપણ ઉપર નભવાનો અધિકાર જ નથી. જાહેર સંસ્થા જ્યાં સુધી લોકપ્રિય હોય ત્યાં સુધી જ નભવી જોઈએ. સાચી પ્રવૃત્તિને કોઈ દહાડો તંગી આવતી નથી. અને હવે તો તે પ્રચારના સાધન પણ રહ્યા નથી. આ તમાશાઓથી આમ પ્રજા હવે છેતરાવાની નથી, કેમકે એનાથી બહુ બહુ તો માનપત્રો (એવોર્ડ) અર્પનારની સસ્તી જાહેરાત સિવાય બીજું કંઈ કશું થતું નથી. તો પછી સાચી નિષ્ઠાથી કરેલું કામ પોતે જ લાયકાતનું પ્રમાણપત્ર શા માટે ન બને? હું હિન્દુસ્તાનમાં સદાવ્રત કરાવવા નથી ઈચ્છતો. સદાવ્રતો તો હું દૂર કરવા ઈચ્છુ. સદાવ્રતો આપણે કપાળે કાળી ટીલી છે એમ માનુ છું. એટલે હું સૌને સ્વાશ્રયી બનાવવા ઈચ્છું છું. જેમ આર્થિક આબાદી વિઘ્નકર્તા છે, તેમ મુશ્કેલીનો અભાવ પણ વિઘ્નકર્તા છે. જેમણે સંસ્થા માટે પ્રાણ પાથરવાની પ્રતિજ્ઞા કરી છે તેમણે પરમાત્માનો આધાર રાખીને બેસવું અને જ્યારે ડૂબવા જેવું લાગે ત્યારે પણ તરવાનો પ્રયત્ન શ્રધ્ધાવંત રહીને કર્યા જ કરવો. સરકારના ફંડો પર વધારે પડતો આધાર રાખવાને કારણે રચનાત્મક કાર્ય પોતાનું ક્રાંતિકારી સ્વરૂપ ગુમાવી બેસે એવું જોખમ રહે છે. **- મહાત્મા ગાંધીજી**

**''ગાંધીજીનો અક્ષરદેહ'' માંથી સાભાર.**

લેખમાં જે વિષયની છણાવટ ગાંધીજીએ કરી છે તે આજે પણ એટલો જ પ્રસ્તુત (Contemporary) છે. એટલે ૨૦૦૩ના મે મહિનાના ગૌરક્ષાપાત્રમાં પહેલા પાને છપાયેલ આ લેખનું પુનઃ પ્રગટીકરણ કરીએ છીએ. **લિ. શાંતિલાલ ગડા, સહ્ સંપાદક**

## અમૃતબિંદુ

- ઉપાસના એટલે ઈશ્વરની નજીક બેસવું, એટલે કે ગમે ત્યાં બેસીએ, ત્યાં ઈશ્વરને લાવવો.
- જે માણસ બહાર જરા સરખો પણ કચરો સહન નથી કરતો, તે અંદરનો કચરો પણ સહન નહીં કરે. એને અંદરનો કચરો કાઢી નાંખવાની જોરદાર પ્રેરણા મળશે.
- હરહંમેશ સદ્વિચારો કાન પર પડ્યા કરે છે તો ચિત્તનો મેલ પણ ધીરે ધીરે ધોવાઈ જાય છે.
- દિવસભરનાં કામ સાંજની પ્રાર્થનામાં ઈશ્વરને અર્પણ કરવાનાં હોય છે, આવી ભાવના રહેશે તો એની અસર આપણા દિવસભરનાં કામો પર પડશે, ત્યારે પ્રાર્થનાની અસલી શક્તિ પ્રગટ થશે.

**- પૂ. વિનોબા ભાવે, સૌ. ભુમિપૂત્ર**


| આ અંકમાં | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| વ્યાજ પર ચાલતી સંસ્થા | મહાત્મા ગાંધી | ૨ |
| તંત્રીલેખ: | | |
| જગસેવાને આંચ ન આવે | રમેશભાઈ દોશી | ૩ |
| મુનશીનો પત્ર | અનુ: દિપક દોશી | ૬ |
| મસ્તીની પાઠશાળા | પ્રતિમા દવે | ૭ |
| દૂધ | સૌ.વ્હોટસ્ એપ | ૭ |
| વાંકી મહાજન | લીલાધર ગડા | ૮ |
| ઈશ્વરનું આગમન | રાજ ભાસ્કર | ૯ |
| પ્રેમનો પ્રભાવ | કૃપાશંકર જાની | ૧૦ |
| છાશ કેન્દ્રનો અહેવાલ | | ૧૦ |
| જાપાન અને સ્વચ્છતા | મયુર જાની | ૧૧ |
| સંસારની ઝંઝાવાતો | ડો. ચંદ્રકાન્ત મહેતા | ૧૧ |
| પુસ્તકનો પ્રભાવ | | ૧૨ |
| બાળપણની સારી આદત | રીતેશ પોલડીયા | ૧૨ |
| માતાની માવજત | હર્ષદભાઈ વ્યાસ | ૧૩ |
| ખુલ્લો એકરાર | ડો. અશ્વિન શાહ | ૧૪ |
| કવિતા | મકરંદ દવે | ૧૪ |
| લવાજમ મળેલ છે | | ૧૫ |
| પરીક્ષા (વાર્તા) | અનંત શાહ | ૧૬ |

## તંત્રી સ્થાનેથી :

# જગ સેવાને આંચ ન આવે

પૂજ્ય મુનિશ્રી સંતબાલજીની ૧૧૫મી જન્મ જયંતી શ્રાવણ સુદ ૧૫ રક્ષાબંધન તા.૨૬.૮.૧૮ આ દિવસને અનુબંધ દિવસ તરીકે મનાવવામાં આવે છે. જન્મ તારીખ ૨૬.૮.૧૯૦૪ કદાચ પ્રથમ વખત તારીખ ૨૬.૮.૧૮ ને શ્રાવણ સુદ ૧૫ ને તિથી બંનેનો સુભગ સમન્વય થયો.

તા.૨૫.૮.૧૮ ના પદાધિકારીઓ અને પરિવાર જનો રાતે બેઠા હતા. એક ક્રાંતિકાર સંતની ભૂમિનો શ્રેષ્ઠ ઉપયોગ કેમ થાય? એમનું મહાવીર નગર આંતરરાષ્ટ્રીય કેન્દ્રનું સ્વપ્ન કેમ પુરૂ થાય એ વિષે સહજ ચર્ચા ચાલી. ભેગા થઈએ ત્યારે પ્રાયઃ  હંમેશા આવી ચર્ચાઓ થાય કોઈ સ્પષ્ટ નિર્ણય વગર ચર્ચા પૂરી થાય. આવું પ્રાયઃ બધી સંસ્થાઓમાં થતું હોય છે.

૨૬.૮.૧૮ રવીવારે વહેલી સવારે લગભગ ૩.૩૦ વાગે નિંદર ઊડી ગઈ. એક પ્રવાહ શરૂ થયો જેને આપણે અંતઃ પ્રેરણા કહીએ છીએ. એ ક્ષણોમાં એક નાની એવી ઝરણી શરૂ થાય છે. એનું શબ્દ ચિત્ર દોરવું અશક્ય છે. પણ એ એવો ધોધમાર પ્રવાહ હોય છે, સત્યની એક ઝલક હોય છે જેમાં કશુંક નિર્ણયાત્મક-ઠોસવાત સમજાય જાય છે. એ નાની ઝલકનું વિશ્લેષણ-રહસ્ય તો પછી ધીમે ધીમે ખુલતું જાય છે.

અમારી સાધનાની સફળતાનો પાયો જ આ અંતર અવાજ-અંતર પ્રેરણા રહ્યો છે. એને આધારે ઘણા પ્રયોગો સફળતાપૂર્વક થયા. પણ એ બધી પ્રેરણાઓ થઈ તેમાં સ્વની શુધ્ધિ થતી ગઈ. પ્રથમવાર એક એવી પ્રેરણા થઈ છે જેમાં સ્વ અને પર બંનેનું હિત સમાયેલું છે.

આ અંતઃ પ્રેરણામાં પૂ. મુનિશ્રી સંતબાલજીનું સ્વપ્ન કેમ સાકાર થાય એ પ્રશ્નનો જવાબ હતો પણ પછી રહસ્ય ખુલ્યું કે આતો પરમ સત્ય છે સહુને લાગુ પડે છે.

અધ્યાત્મના કે સંતોના અનુભવ આધારે કેટલાક સિધ્ધાંતો સૂત્રો હોય છે. એમાં કોઈ બાંધછોડને અવકાશ નથી હોતો. એમાં જ્યારે બાંધછોડ કરીએ છીએ ત્યારે માર્ગથી ભટકી જઈએ છીએ. સેવા કાર્યો થતા રહે છે પણ એનો ભાર લાગે છે.

શરૂમાં તો સંતોની કે પ્રેરક પુરુષોની હાજરી હોય છે ત્યાં સુધી તો બરાબર ચાલે છે. વ્યક્તિની સંસ્થાની એક ગુડવીલ ઊભી થાય છે. પણ વ્યક્તિની વિદાય પછી નવા પદાધિકારીઓ આવે છે. લાખોના ભંડોળ મળતા થાય છે. પ્રવૃતિઓનો વ્યાપ વધતો જાય છે પણ ઊંડાણ ઘટતું જાય છે. સ્થાયી ફંડો-કોરપસ ફંડો ઊભા થાય છે. જ્યાં પદ પ્રતિષ્ઠાને પ્રાણ હોડમાં મુકવાના હોય છે ત્યાં પદ પ્રતિષ્ઠા માટે કાવાદાવાની શરૂઆત થાય છે. ગુડવીલને હિસાબે પ્રવૃતિઓ ચાલે છે, ક્યારેક તો નામ માત્રની દેખાવ પુરતી-ચલાવવા ખાતર પ્રવૃત્તિઓ ચાલતી રહે છે પણ એ મરેલા ઘોડાને ચાબુક મારવા સમાન એ સ્થિતિ હોય છે.

માનવ જીવનનું મુળ કર્તવ્ય છે સ્વને જાણવો, માણવો, ઓળખવો અને એની અનુભૂતિ કરવી. જેને ભેદજ્ઞાન, આત્મજ્ઞાન, સાક્ષાત્કાર કહીએ છીએ તે. એનું શ્રેષ્ઠ સાધન છે ''સેવા'' કશું નવું મેળવવાનું નથી બધુ અંદર જ પડેલું છે. માત્ર એની ઉપર કર્મોનું-દોષોનું-અશુધ્ધિઓનું આવરણ છે તે જ દૂર કરવાનું છે. જેમ જેમ નિસ્વાર્થ સેવા વધતી જાય એમ એમ આવરણો હઠતા જાય છે અને ધીમે ધીમે પાત્રતા પ્રગટ થતી જાય છે. એ સેવામાં નિજાનંદની અનુભૂતિનો સ્પર્શ હોય છે અને પાત્રતા પ્રગટ થયે કોઈ સદગુરૂનો સત્પુરુષનો મેળાપ થઈ જાય એવો સહજ અવસર આવી જાય છે એવી કુદરતની-પ્રકૃતિની એક સહજ વ્યવસ્થા છે.આ અમારો અનુભવ પણ છે.

આ ''સેવા'' માં જો કોઈ મોટામાં મોટો અવરોધ હોય તો તે છે 'ધન'નો. જેમ સાધનામાં આજીવિકાની શુધ્ધિ એ પાયાનો સિધ્ધાંત છે એમ સેવા માટેના ફંડમાં પણ એવી જ બલ્કે એથી વધારે શુધ્ધિની જરૂર છે. કેમકે ''સમાજ સેવામાં તો એક મોટા સમુહનું હિત સમાયેલું છે. પણ અહિંજ ચુક થઈ જાય છે, ભૂલ થઈ જાય છે.

એક સંત પાસે એક સ્કુલના પદાધિકારીઓ પ્રશ્ન પુછે છે કે અમે સનિષ્ઠ પ્રયત્ન કરીએ છીએ, અમારી પાસે શ્રેષ્ઠ Infrastructure છે, સમયનો ભોગ પણ આપીએ છીએ છતાં સંતોષકારક પરિણામ નથી મળતું આવું કેમ? સંતે જવાબ આપેલ કે જેની પાસેથી ફંડ મળે છે કે મળેલ છે તેની બારીકાઈથી તપાસ કરજો મુળ કારણ આ હશે.

ધનથી જ સેવા થાય એ તો ભ્રાંતિ છે. તન-મન પ્રથમ છે. ધન તો એ પછી છે. અને એ તો આવે જ છે. એ પ્રકૃતિની વ્યવસ્થા છે. આજ સુધી ધનના અભાવે કોઈ સત્કાર્યો અટકયા નથી અને અટકશે પણ નહી.

આપણી નજરે દેખાય એવા 'હરિહર' ભંડારાઓ ઠેર ઠેર સહજ ચાલે છે. બાપા સીતારામ બગદાણા-રોજ પાંચેક હજાર, અને પુનમના તો પંદર વીસ હજાર, વીરપુર જલારામ બાપા, સતાધાર, પરબ વાવડી, શીખોના ભંડારાઓ, અમૃતસરના લંગરમાં તો રોજના

પચાસ હજાર માણસો લાભ લેતા હોય છે. કુંભ મેળામાં લાખો યાત્રાળુઓ માટે સાધુ સંતો ભંડારા ખોલીને સેવા કરતા હોય છે. ક્યાંક ને ક્યાંક પદયાત્રાઓ-સંઘો- ડાકોર, અંબાજી, શીરડી, સિધ્ધિ વિનાયક, અમરનાથ ચાલતા જ રહે છે આ બધા પદયાત્રીઓ માટે ઠેરઠેર ખાવા પીવા રહેવાની સહજ સગવડતાઓ થાય છે. અમે તો નર્મદા પરિક્રમા કરી છે. રોજ નર્મદા કિનારે લગભગ લાખેક પરિક્રમાવાસીઓ હરિહરનો લાભ લેતા હોય છે. આ બધી સેવાઓ સ્વયંભૂ કોઈ સરકારી સહાય વગર સદીઓથી ચાલી રહી છે. કોણ પુરુ પાડે છે આ ભંડોળ? કોઈને ખબર નથી. પણ કોઈ અદ્રશ્ય શ્રધ્ધાના સહારે ચાલે છે અને સુપેરે પાર પડે છે. અમને તો લાગે છે કે કોઈ સ્થાયી ફંડ નથી તેથી જ આવી પ્રવૃત્તિઓ સહજ પરમાત્માની કૃપાથી ચાલી રહી છે.

આપણને આ દેખાતું નથી એટલે સમાજસેવી સંસ્થાઓમાં સ્થાયી ફંડનો રિવાજ શરૂ થયો. વ્યાજ ઉપર પ્રવૃત્તિઓ નિર્ભર બનતી ગઈ અને સંસ્થાઓની અવનતી શરૂ થઈ. ખુમારી ગઈ સાઈ મકરંદભાઈએ સેતુબંધ પા.૧૧૬ પર લખેલ છે, ''જેમના પ્રત્યે મને ભક્તિભાવ છે, આદર છે, એવા સજ્જનને પણ મેં ક્યાંક નમતા ને નીચે ઉતરતા જોયા છે ત્યારથી 'મહામાયા' ને દંડવત કરવાનું મન રહ્યા જ કરે છે.''

૨૫/૮ ની રાતે પ્રશ્ન તો મુનિશ્રી સંતબાલજીના સ્વપ્ન વિષે હતો પણ આજે સમજાય છે કે આ તો પરમ સત્ય મળ્યું અને સહુને લાગુ પડે છે.

૨૬/૮/૧૮ ના સમારંભમાં ગુંદીથી બે બસમાં આચાર્ય-શિક્ષકો સાથે વિદ્યાર્થીનીઓ આવેલ. એમાં મૂલજીભાઈ આચાર્યે એક સરસ વાત કરી કે મુનિશ્રી કહેતા કે ''સત્ય મળે અને એ પ્રગટ ન કરીએ તો વિશ્વાસઘાત છે.'' અમને તો આ વાક્ય પકડાઈ ગયું અને ૨૬/૮ ની રાતે હાજર પદાધિકારીઓને જે સત્ય મળેલ તે તેમની પાસે પ્રગટ કરી દીધેલ.

પૂ. સંતબાલજીનો મૂળ સિધ્ધાંત છે ''વ્યાજ ત્યાગ'' ગાંધીજી પણ આ જ કહી ગયા છે પણ આજે તો ગાંધીજીને નામે ચાલતી કે બીજી અનેક સંસ્થાઓ વ્યાજ ઉપર જ ચાલી રહી છે. એમાં સંતબાલજી, શ્રીમદ્જી, ગાંધીજી ક્યાંથી પ્રગટ થાય? એમની છાતીમાં જ ખંજર ભોંકી એમના નામે પ્રવૃતિઓ ચાલે છે. એમના ગુડવીલ હિસાબે ફંડો મળતા રહે છે. પણ પ્રાણ વગરની એ પ્રવૃત્તિઓ મરવા વાંકે જીવી રહી છે, એ સમજાતું નથી, દેખાતું નથી.

સેવાથી કશું પરિણામ આવે કે ન આવે, પણ વ્યક્તિની શુધ્ધિ તો થાય, થાય ને થાય જ થવી જ જોઈએ. સાધકને કશું નક્કર પરિણામ સેવાનું ન દેખાય તો પણ એ નિજાનંદ માણી શકે છે. આ છે સેવાની પારાશીશી. જ્યાં સ્થાયી ફંડ છે ત્યાં સાચો નિજાનંદ મળી જ ન શકે એમ અમને તો આજની પ્રેરણાએ એ સત્ય સમજાય ગયું છે. આનો ઉપાય પણ છે. Friends of Gandhi Parivar, સંતબાલ પરિવાર, કબીર, નરસિંહ, મહાવીર, બુધ્ધ, શ્રીમદ્ ,એમ જેને જે નામમાં શ્રધ્ધા છે એવું એક વર્તુળ-પરિવાર કરવામાં આવે. દરેક સંતો-સજ્જનોની એક ભવ્ય ગુડવીલ આજે પણ છે જ. ધારો કે એક સંસ્થાને દર વરસે બધી પ્રવૃત્તિઓ માટે પચાસ લાખની જરૂર છે. પાંચ હજાર પરિવાર એવા મળે કે જે વરસે રૂ.૧૦૦૦/- એક હજાર આપે. બીજા વરસે બીજા પરિવારો આપે. આમ પરિવાર વધતો જાય, પ્રવૃત્તિની-સંસ્થાની એક એવી ગુડવીલ ઊભી થાય કે એમાંથી સનિષ્ઠ કાર્યકરો પણ મળતા જાય. ગમે તેવા કરોડપતિ પાસેથી પણ એ આપવા ધારે તો પણ એક હજારથી વધારે કોઈની પાસેથી પણ ન જ લેવાય. ધન અને ધનપતિઓની ચુંગાલમાંથી સંસ્થા બચી જઈને સાચી, શ્રેષ્ઠ, સમાજને જરૂરી, સેવા કરી શકે. આ રીતે કેટલીક સંસ્થાઓ આજે પણ ચાલે છે પણ ત્યાં કદાચ રકમની મર્યાદા નથી.

અમો આજે જ્યાં મહાવીર નગર, ચિંચણીમાં ૧૭ મહિનાથી સ્થિરવાસ કરી રહ્યા છીએ એ સંસ્થાની જમીન લીધી ત્યારે તેની કિંમત લગભગ પાંચેક લાખ હતી. થોડા વ્યક્તિઓ દેવા સમર્થ હતા પણ સંતબાલજીએ દરેક પાસેથી એક એક હજાર લઈને જ રકમ ભેગી કરેલી એમ અમે સાંભળેલ. એટલે સંતબાલજી માર્ગ તો ચીંધી જ ગયા છે. આ કંઈ અમે નવું નથી કહેતા. પણ આવી અંત:પ્રેરણાએ આપણી ભૂલનું સ્પષ્ટ દર્શન થાય છે. એ જ વિશેષતા છે અંત: પ્રેરણાની.

કેટલીક સંસ્થાઓમાં સંનિષ્ઠ નિસ્વાર્થ કાર્યકારો, પદાધિકારીઓ આજે પણ છે. પણ જો સ્થાયી ફંડ હશે તો ભવિષ્યમાં એ સંસ્થામાં પણ સડો પેદા થવાનો જ. અને છેવટે કાં મરવા વાંકે જીવશે કા પડી ભાંગશે. આ નિશ્ચિત પરમ સત્ય આજની પ્રેરણાનું અમને સમજાયું છે.

દાન કરતા પુણ્ય થાય છે એમ આપણે માનીએ છીએ પણ સ્થાયી ફંડમાં દાન આપતા આપણે જાણ્યે અજાણ્યે પાપના ભાગીદાર થઈએ છીએ આ બીજું સત્ય આજની પ્રેરણાનું છે.

''જગ સેવાને આંચ ન આવે એ વ્યવસાયો આચરીયે'' આ પૂ. સંતબાલજીની નિત્ય પ્રાર્થનાની કડી છે. જગ સેવા એટલે કે વિશ્વશાંતિ, વિશ્વવાત્સલ્ય અને વ્યવસાયો એટલે કે આચાર, વિચાર, કાર્યો, વહેવાર, વ્યાપાર, સેવા એવા હોવા જોઈએ કે જાણ્યે અજાણ્યે પણ વિશ્વ શાંતિને આંચ ન આવે, એમ આપણા કાર્યો, સેવા થવા જોઈએ. વિનોબાજીએ કહ્યું છે ને કે, Act Locally – Think Globally.

સેવા, ગોસેવા કે સામાજીક કાર્યો એ પાર્ટ ટાઈમ જોબ નથી. પણ મોટાભાગની સંસ્થાના પદાધિકારીઓને પદ, પ્રતિષ્ઠા સન્માનનું લક્ષ હોય છે. 'સેવા' એમના માટે એક સાધન હોય છે. જગ સેવાનો આશય કે લક્ષ ભાગ્યે જ હોય છે.

ભારતમાં સામાજીક સેવા કરતી લાખો સંસ્થાઓ છે. કદાચ સરકાર કરતા વધારે સંપતિ સમાજ આ પ્રવૃત્તિઓ માટે આપે છે. એ બધા વંદનને લાયક છે પણ પરિણામ જે આવવું જોઈએ, પરિવર્તન નામનું ય થતું નથી 'ધન' થી સેવા થાય છે, પરિવર્તન નથી થતું. આ ધન જ પરિવર્તનમાં અવરોધરૂપ બને છે.

'સેવા' માટે સંપત્તિ જોઈશે એ સાચું છે પણ આપણું મુખ્ય લક્ષ સ્વની શુધ્ધિ, સ્વયં વિકાસ, પરિવર્તન, અંતરમુખવૃત્તિ એ હોય તો સ્વયંનું પરિવર્તન-વિકાસ થાય છે અને એનાથી જ પરિવર્તન શક્ય છે.

લાખો કરોડોના ભંડોળ એ 'નશા' સમાન છે. એ પ્રાયઃ કોઈ છોડશે નહિ. અરે, એ ન છોડે પણ મર્યાદા રાખીને હવે આ રીતે જ સર્વને લાભ મળે સેવાનો એમ મર્યાદા રાખીને ધન સ્વીકારશે એમ પણ કદાચ થવું મુશ્કેલ છે, અશક્ય નથી. એટલે ફરી જાગવું તો પ્રજાએ જ પડશે અને ફરી મુખ્ય વાત જે અમને અંતઃ પ્રેરણા-દૈવી પ્રેરણાથી ૧૯૯૭ થી સુઝી છે. નાનો એવો પ્રકાશ મળ્યો હતો જે આજે તો ઝળહળતા સુર્યસમાન એ બની ગયો છે એ છે ''સ્વચ્છતા યજ્ઞ''

'સ્વચ્છતા યજ્ઞ' વિષે અવાર નવાર ગો.પા. માં લખાઇ રહ્યું છે અને લખતા રહ્યા છીએ અને લખતા રહેશું. આજ માટે તો એ જ સાવ સહેલો, સહુ કરી શકે અને સહુને લાભ થાય એવો સરળ રસ્તો છે. આમાં એક પૈસાની પણ જરૂર નથી. આજે વિશ્વને વિનાશમાંથી બચાવવું હોય, આપણી આવનારી અનેક પેઢીઓને બચાવવી હોય, સંસ્કૃતિ બચાવવી હોય, પર્યાવરણ અને સ્વયંને બચાવવા હોય તો જાગ્રત થવું જ રહ્યું. આમ પણ સ્વચ્છતા આ તો દરેક નાગરિકની મુખ્ય ફરજ છે. આપણે કોઈ ઉપકાર નથી કરતા બલકે આપણે સાચી સ્વયંની સેવા કરીએ છીએ.

અમે જે આનંદ માણી રહ્યા છીએ એ સહુને નથી મળી રહ્યો એની વેદના છે પણ સહુને મળે એ અમારો નિરંતર પ્રયાસ હતો, છે અને રહેશે. પણ એ કોઈને દઈ શકાય તેમ નથી પણ સહુ મેળવી શકે છે અને એનો રસ્તો છે 'સ્વચ્છતા યજ્ઞ' સહુ મળીને ૧૫૦ મી ગાંધી જયંતીએ ગાંધીને શ્રધ્ધાંજલી આપી ગાંધીને ફરી જીવતો કરવો.

આ છે આ વખતના અનુબંધ દિવસની પરમ તરફથી મળેલ પરમ ભેટ - પરમ સત્યની ઉપલબ્ધિ. સંતબાલજીએ કહ્યું છે કે સત્ય મળે એ છુપાવવું એ વિશ્વાસઘાત છે. એ સ્વીકારીને ન ગમતી વાત આમ સહજ પ્રગટ થાય છે.

બાકી શ્રીમદ્જી, ગાંધીજી, કે સંતબાલજી કે કોઈપણ સંતને જીવતા કરવા એ આપણા હાથની વાત છે પણ પાયો નક્કર શુધ્ધિનો જ જોઈએ. સત્યનો આધાર હોય તો કોઈ કાર્ય અશક્ય નથી જ.

''સત્ય મેવ જયતે'' ખરેખર સંતોનું આ અનુભવ સિધ્ધ વાક્ય છે.

**'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'**
**એ જ પ્રાર્થના - લખાયું ૩૦/૮/૨૦૧૮ ના**

**- તંત્રી, શ્રી રમેશભાઈ દોશી**

## ગૌમુત્ર અર્ક

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં બાયોટેકનોલોજી વિભાગ દ્વારા જૂદા-જૂદા સંશોધન કરવામાં આવે છે. બાયોટેકનોલોજી વિભાગનાં સહ સંશોધન વૈજ્ઞાનિક ડો. રૂકમસીંગ તોમર, ડો. શ્રધ્ધાબેન ભટ્ટ, ડો. કવિતાબેન જોષીએ ગૌમુત્ર ઉપર મહત્વનું સંશોધન કર્યુ છે. ગૌમુત્રનાં અર્કમાં ચાર પ્રકારનાં કેન્સરનાં કોષોને નાશ કરવાની ક્ષમતા હોવાનું બહાર આવ્યું છે. વૈજ્ઞાનિકોએ વિવિધ જાતની ગાયનાં મુત્રનાં નમુના લઈ તેના પર પ્રયોગ કર્યા હતાં, જેમાં ગૌમુત્રનો અર્ક રોજ લેવામાં આવે તો ૩૦૦૦ થી ૩૫૦૦ કેન્સરનાં કોષોનો નાશ થાય છે. વર્તમાન સમયમાં કિમોથેરાપી, રેડીયોથેરોપી ખર્ચાળ અને આડ અસરવાળી છે. ત્યારે ગૌમુત્રનાં અર્કનું સેવન કરતા તેની અસર ફક્ત અસરગ્રસ્ત ભાગ પર જ થાય છે. આ ઉપરાંત ૨૪ કલાકમાં કેટલા કોષોનો નાશ થાય એ દર્દીની રોગપ્રતિકારક શક્તિ પ્રમાણે વધતી ઓછી હોઈ શકે. ગૌમુત્રનાં અર્કનું સેવન મુશ્કેલ હોવાથી આગામી સમયમાં તેનો પાવડર અને ગોળી બનાવવા વિચારણા ચાલી રહી છે.

**- સૌ. દૈનિક ભાસ્કર**

# મુનશીજીનો પુત્રી કલ્પલતાને પત્ર, તા. ૯/૧૦ માર્ચ, ૧૯૫૩

મારી પ્રિય લતા,

તારા પત્રના સંદર્ભમાં.

મારી આંગળી ઘવાઈ છે એટલે આ પત્ર અંગ્રેજીમાં લખાવી રહ્યો છું. 'શોધમાં' ના સંદર્ભે મેં હમણાં જ કૃષ્ણલાલકાકાને પત્ર લખ્યો છે. એમાં તને આ પુસ્તક લખવા-પાછળનો મારો ઉદ્દેશ સ્પષ્ટ થશે.

મને ખુશી છે કે તું બોઝ પરિવારને મળી. તેઓ માયાળુ છે અને તારે એમને કેળવવાના છે. એમના રહેઠાણ પર તારાથી થયેલી ભૂલનો મેં આનંદ ઉઠાવ્યો. પણ 'હું હવે કુલપતિની દીકરી નથી' એ શબ્દોના બે અર્થ થાય - એક એ કે તેં આધ્યાત્મિક પ્રેરણાવશ કૌટુંબિક બંધનોને છેદી નાખ્યાં છે અને બીજુ કે તેં તારા પિતાનો ત્યાગ કર્યો છે. હજી સુધી તું સંન્યાસની એવી ઉચ્ચ ભૂમિકાએ પહોંચી નથી જ્યાંથી આ વાક્યને એના પ્રથમ અર્થમાં સમજી શકાય. એટલે આવા શબ્દોનો પ્રયોગ ગેરસમજ ઊભી કરી શકે.

તું તારા ગત જીવન સાથેનાં બધાં બંધન તોડી રહી છે એ વિચાર પણ એટલો જ દંભ પ્રેરક બની શકે છે. અન્યોની ઉપર પોતાની શ્રેષ્ઠતા ઠોકી બેસાડવા આવું બોલતાં અનેક સંન્યાસીઓને મેં જોયા છે. તું તારાં માતા-પિતાને કે અગાઉના કૌટુંબિક જીવનને ત્યાગી શકે નહીં, એ નક્કર સત્યો છે. આવી અટલ વાસ્તવિકતાને ભૂંસી નાખવાનો અભિગમ યોગ્ય વિકાસ માટે સહાયક નથી.

તારી પરિસ્થિતિમાં કૌટુંબિક આસક્તિમાં પરિવર્તનની જરૂરિયાતને હું સંપૂર્ણપણે સમજું છું. પણ હઠાગ્રહ, આયાસી વિચ્છેદનો કોઈ અર્થ નથી. પરિવર્તન આધ્યાત્મિક કીમિયાગરી દ્વારા સાહજિક રૂપાંતરથી થવું જોઈએ. રામકૃષ્ણએ પોતાની પત્ની સાથેના સંબંધોને કઈ રીતે પરિણત કર્યા હતા ? બુદ્ધે પોતાની પત્નીને ત્યાગી કે ઠુકરાવી નહોતી, બલ્કે પોતાની શક્તિથી એને પોતાની શિષ્યા બનાવી. ઔપચારિક સંબધોને જરાક વધુ કલ્પનાશક્તિ વાપરીને એ રીતે બદલી શકાય કે એ આધ્યાત્મિક બની જાય.

માતા-પિતાને દેવતુલ્ય ગણીને પોતાના સંબંધને ઊર્ધ્વમુખી બનાવવા માટે રામકૃષ્ણના પ્રમાણની જરૂર નથી. પિતૃપક્ષ એ વેદ જેટલો પ્રાચીન છે. જે વ્યક્તિએ સમાજ સુધારવો છે એમણે પોતાના અંગત જીવનમાં જૂના સંબંધોને એવા આદર્શ રૂપે પ્રસ્તુત કરવા જોઈએ કે વિશ્વ એમના દ્રષ્ટાંતમાંથી શીખે અને સામાજિક સંબંધોમાં એના મહિમા અને પ્રસાદથી જોડાય.

આધુનિક સામાજિક-આર્થિક તત્ત્વજ્ઞાન દરેક વસ્તુને જૈવિક સંબંધો પૂરતું મર્યાદિત કરવા ચાહે છે. જેઓ વિશ્વને આધ્યાત્મિક રીતે ઉગારવા ચાહે છે તેઓ જીવનથી સર્વ રીતે વિખૂટા થવા પ્રયત્ન કરે છે. એમને ધારેલી અસર હાંસલ નહિ થાય. હું એમાંનો છું જેઓ આત્માની શક્તિને રૂપાંતરિત કરવામાં માને છે. દરેક માનવ્ય સંપર્કને નિર્મળ કરવા સૌ પ્રથમ એનો સ્વીકાર કરો, ત્યાર બાદ એમાંથી રાગ, ભય અને ક્રોધને નિચોવી લો, અને છેલ્લે એ સંબંધોને સામૂહિક આધ્યાત્મિક વિકાસનું પરિબળ બનાવો.

તું તારી જાતને સંન્યાસી બનાવવાની ધૂનમાં કોરડો વિંઝી રહી છે. આ પ્રયાસનું પરિણામ છે. પણ આત્માનો વિજય તણાવ કે પ્રયાસમાં નથી, શાંતિ અને મૌનમાં છે. આ ભૌતિક દ્રષ્ટિએ નહીં પણ માનસિક અને આધ્યાત્મિક દ્રષ્ટિએ પણ સત્ય છે. બધા સંબંધો એકબીજાને એ રીતે અનુકૂળ થઈ જાય જેથી મન વિકસીને ભગવાન તરફ જાય. તારા પત્રમાંથી મને સતત સંન્યાસી-મન વિકસાવવાના જબરદસ્ત પ્રયત્નો દેખાય છે. એ પ્રગતિનો માર્ગ નથી તે આગળ જતાં તને અનુભવે સમજાશે. એક વિખ્યાત વ્યક્તિની દીકરી હોવા છતાં તું જો સંન્યાસી બની શકે તો એનો યશ વધુ મોટો અને જો તું એના મહાત્મયને નકારીને કે ચાતરીને ભાગી છૂટવા માગીશ તો તું તારી જાતને વિશાળ આધ્યાત્મિક બળના પ્રભાવથી બદલી નહીં શકે. જીવનને જેવું છે એવું સ્વીકારવું અને એની સાથેના સંબંધોને પરિશુદ્ધ કરતા જવું એ આધ્યાત્મિક પ્રભાવનું સાચું રહસ્ય છે નહીં કે એનું દમન કરવું કે કાપી નાખવું.

**સસ્નેહ તારો**

**બાપાજી**

(ભવનના સંગ્રહાલયમાંથી)

**(અનુ. : દીપક દોશી)**

**પ્રેષક : શ્રી મનોજ રાજગુરુ, સૌ.નવનીત સર્મપણ**

* धन तभी सार्थक हैं, जब धर्म भी साथ हो।
* विशिष्टता तभी सार्थक हैं, जब शिष्टता भी साथ हो।
* सुंदरता तभी सार्थक हैं, जब चरित्र भी शुद्ध हो।
* संपत्ति तभी सार्थक हैं, जब स्वास्थ्य भी अच्छा हो।
* देवस्थान गमन तभी सार्थक हैं, जब हृदय में भाव हो।

## અનોખી શાળા : મસ્તીની પાઠશાળા

પંચમહાલ જિલ્લાનું નંદીસર ગામ. આપણે કદાચ નામ પણ નહીં સાંભળ્યું હોય! ત્યાં એક અનોખી સ્કૂલ છે. નામ છે ‘મસ્તી કી પાઠશાલા’ તેમાં શિક્ષકો અનોખી મસ્તીથી ભણાવે છે. ભણાવે એવું કે બાળકોને ખબર ન પડે કે તેઓ ભણી રહ્યાં છે. આમ તો સ્કૂલ શરૂ થઈ ત્યારે બાવળની ઝાડી જ ચારેતરફ હતી. આજુબાજુનાં ગામનાં બાળકો ત્યાં ભણવા આવતાં. શિક્ષક રાકેશભાઈની ત્યાં નિમણૂક થઈ. તેઓ મસ્તીના માણસ. કંઈક નવું કરવાનો વિચાર આવ્યો. તેમાંથી શરૂ થઈ ‘મસ્તીની પાઠશાલા’. અભ્યાસક્રમ આ મુજબ :

- બાળકોને કહે કે આ સવાલનો જવાબ તમારે ખોટો જ લખવાનો છે. એટલે શું થાય કે બાળકોના મગજમાં સાચો જવાબ પહેલાં આવે! પણ ના ખોટા જવાબ શું હશે એ લખવાનો છે. પરંતુ મગજને પહેલાં સાચો જવાબ જ વિચારવો પડે.
- જેને ક્લાસમાં સૌથી ઓછું આવડતું હોય, માર્કસ ઓછા હોય તેને પેપર્સ જોવા આપવાનાં. કહેવાનું કે આ પેપર્સના સાચા જવાબો તને આપું છું. તે પ્રમાણે બધાં પેપર્સ જોવાનાં એટલે એ બાળક ચાળીસથી પચાસ વખત એ સાચા જવાબોવાળું પેપર જોઈને બીજાં પેપર્સ જુએ, એટલે બાળકને સાચું આવડી જાય. વળી બાળકને મનમાં પોતાની ક્ષતિઓ સમજાય અને બીજું કે તેને અહોભાવ થાય કે સાહેબે મને કામ આપ્યું.
- નાનું ગામ એટલે દરેક બાળકનાં માતા-પિતા કે દાદા-દાદી વિવિધ વ્યવસાય કરતાં હોય. ધારો કે કોઈ બાળકના દાદા સુથારી કામ જાણતા હોય તો તેમને બોલાવવાના. લાકડાની પરખથી માંડીને કેમ લાકડું વાપરવાનું વગેરે બધું જ શીખવે.
- ચણતરનું કામ જાણતા વાલીને બોલાવીને કહેવાનું કે તમે કેવી રીતે દીવાલ ચણો છો અને ત્યારે દીવાલનો ખૂણો મેળવવો - દીવાલ સીધી થાય તે માટે ઓળંબો કેમ અને શા માટે વાપરવો! વગેરે જ્ઞાન મળે તે પછી રાકેશભાઈ તેમાં રહેલું વિજ્ઞાન સમજાવે.
- ઘેટાં-બકરાં રાખતા વાલીને ઘરે બાળકોને લઈ જવાનાં અને પૂછવાનું : ‘હેં શાંતાબેન, આટલાં બધાં ઘેટાં-બકરાંમાંથી તમે કેવી રીતે બધાંને ઓળખી કાઢો?’ શાંતાબેન સમજાવે. ‘બકરાંના કાન કેમ કાપવાના?’ ‘સાહેબ, એ તો એવું છે ને બકરાં પોતે લડાઈ કરે - વળી ખાતાં ખાતાં કાંટાવાળી વનસ્પતિમાંય મોઢું નાંખે તો તેના કાન તેમાં ભરાઈ ન જાય અને તેને નુકસાન ન પહોંચે માટે.’
- ગામમાં ચૂંટણી આવી. આગલા દિવસે ચૂંટણી અધિકારીને મળ્યા અને કહ્યું કે ‘મશીનને મોક-ડ્રિલ કરીને ટ્રાયલ કરવાની હશે ને! તો મારી સ્કૂલનાં બાળકો પાસે કરાવોને સાહેબ. મશીનનું ટેસ્ટિંગ થઈ જશે. બાળકો શીખશે તો તેમનાં મા-બાપને શીખવાડશે.’ અધિકારી માની ગયા. બાળકો પાસે પ્રેક્ટિસ કરાવી અને બાળકો તો સમાચારપત્ર! આખા ગામના લોકોને ઘરે જઈને શીખવાડી આવ્યાં. ચૂંટણી-અધિકારીને ચૂંટણી વખતે કશી જ સમજાવવાની જરૂર ન પડી. બાળકો ચૂંટણીમાં મતદાન-પ્રક્રિયા આપ મેળે રમત રમતમાં શીખ્યાં.

સ્કૂલમાં દરેક ખાતાના મંત્રીઓ નિમવાનો કોઈ પ્રશ્ન આવે એટલે તેને તે ખાતાના મંત્રીઓ જ નિરાકરણ લાવે. આવી અનેક પ્રવૃત્તિઓથી સ્કૂલ ચાલી રહી છે. બાળકોને ભણતરનો ભાર લાગતો નથી.

**- પ્રતિમા જ્યોતીન્દ્ર દવે, સૌ. અખંડાનંદ**

## दूध

दूध असलमें अत्यधिक कामोत्तेजक आहार है और मनुष्यको छोड़कर पृथ्वी पर कोई पशु इतना कामवासना से भरा हुआ नहीं है, और उसका एक कारण दूध है। क्योंकि कोई पशु, बचपन के कुछ समय के बाद दूध नहीं पीता, सिर्फ आदमी को छोड़ कर। पशु को जरुरत भी नहीं है। शरीर का काम पूरा हो जाता है। सभी पशु दूध पीते हैं अपनी मां का, लेकिन दूसरों की माताओं का दूध सिर्फ आदमी पीता है, और वह भी आदमीकी माताओंका नहीं, जानवरोंकी माताओंका भी पीता है।

बच्चा एक उम्र तक दूध पिये, यह नैसर्गिक है। इसके बाद दूध समाप्त हो जाना चाहिए। सच तो यह है, जब तक मां के स्तनसे बच्चेको दूध मिल सके, बस तब तक ठीक है। उसके बाद दूधकी आवश्यकता नैसर्गिक नहीं है। बच्चेका शरीर बन गया, निर्माण हो गया-दूध की जरुरत थी, हड्डी थी, खून था, मांस बनाने के लिए-स्ट्रक्चर पूरा हो गया, ढांचा तैयार हो गया। अब सामान्य भोजन काफी होगा। अब भी अगर दूध दिया जाता है, तो यह सारा दूध कामवासना का निर्माण करता है। **(सौ. व्होटस एप)**

## વાંકી મહાજન રાહ ચીંધે છે.

જૂન ૨૦૧૬માં કચ્છના વાંકી ગામમાં જૈન સાધુઓના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે શ્રી બાબુભાઈ ભવાનજી કચ્છ આવ્યા હતા. એમની સાથે એમના મિત્ર કિરણભાઈ પટેલ હતા. ગામના સીમાડે ફરતા ફરતા બન્ને મિત્રોનું લક્ષ વિશાળ પડતર જમીન તરફ ગયુ અને મનમાં એક વિચાર ઝબૂક્યો. આ ઝબકારમાં નવા આયોજન માટેનું ઈંધણ હતું. એક નિર્ણય લેવાયો કે વાંકી ગામની સીમની જમીનને પડતર રહેવા દેવાને બદલે એમાંથી કંઈક ઊપજ થાય એવું કરીએ. પડતર ખેતરોના માલિકોનો સંપર્ક કરવામાં આવ્યો. આ માલિકો જૈન, દરબાર, મુસ્લિમ બધી કોમના હતા. એમને વિશ્વાસ આપવામાં આવ્યો કે એમની જમીનનું ખેડાણ કરી એમાં રામમોલનું વાવેતર કરાશે અને ચારો પાંજરાપોળોને આપવામાં આવશે. અંદાજે ૭૫૦ એકર જમીનના માલિકોએ મંજૂરી આપી. સમગ્ર આયોજન મહાજનની છત્રછાયા હેઠળ થાય તો લોકોને વિશ્વાસ બેસે. વાંકી મહાજન અને મિત્ર મંડળે આ માટે રાજીપો દર્શાવ્યો અને સહમતી આપી. અને સમગ્ર આયોજન મહાજનના નેજા હેઠળ થયું.

સીમમાં એક જ શેઢે આશરે ૨૫૦ એકર જમીનમાંથી બાવળ, કાંટાળા છોડ ઈત્યાદિ સાફ કરવામાં આવ્યા. જૂન મહિના દરમ્યાન વાંકી ગામની સીમમાં જે.સી.બી., ટ્રેક્ટરોની ધણધણાટી બોલી ઊઠી. એકી સાથે ૨૫૦ એકર જમીનમાંથી બાવળિયા, બીડ દૂર થઈ ગયાં અને વાંકીની સીમ મેઘરાજાને સત્કારવા તૈયાર થઈ ગઈ. જમીનની ખેડાઈ, વાવણી અને માલની કાપણી માટે મજૂરોને રોકવામાં આવ્યા. ભારેખમ મજૂરી ચૂકવતાં પણ આખો કાર્યક્રમ ન નફો ન નુકસાનીના ધોરણે પાર પડ્યો. એકરદીઠ ૪૦ મણ ચારાનું ઉત્પાદન થયું, એટલે દશ હજાર મણ ચારો મળ્યો. જેમાંથી ૫૦૦૦ મણ ગામનાં પશુઓ માટે રાખવામાં આવ્યો અને ૫૦૦૦ મણ ચારો વ્યાજબી ભાવે (રાહતના ભાવે) પાંજરાપોળોને આપવામાં આવ્યો. અનાજની જે આવક થઈ તે રૂ.પચીસના ભાવે વેપારીને એ શરતે આપવામાં આવ્યું કે આવતી સીઝનમાં એમને બિયારણ એ વેપારી રૂ.૩૦/- ના ભાવે (રાહતના દરે) વેચે. સામાન્ય રીતે બિયારણનો ભાવ રૂ.૪૦/- થી રૂ.૫૦/- ની વચ્ચે રહેતો હોય છે.

આ આયોજન શરૂ થયું ત્યારે થોડાક ચોવટિયાઓએ ટિપ્પણી પણ કરી કે વેપારી હવે ખેડૂ બનવા લાગ્યા છે, પરંતુ મોસમના અંતે રજૂ થયેલા હિસાબોએ આનો જવાબ આપી દીધો. સામાન્યતઃ એવી માન્યતા હોય છે કે કચ્છમાં કપીત ખેતીમાં કોઈ વળતર નથી હોતું અને શાહુકારી ખેતી નુકસાની કરાવે છે. જ્યારે વાંકીનો અનુભવ કંઈક જુદી જ વાત કહેતું હતું. દસ હજાર મણ ચારા ઉપરાંત બે હજાર મણ અનાજની પણ પેદાશ થઈ.

પ્રથમ વર્ષના અનુભવના આધારે, તેના આયોજનમાં રહેલી ખામીઓને દૂર કરી બીજા વર્ષ માટેનું આયોજન વધારે નક્કર સ્વરૂપે વિચારવામાં આવ્યું. જમીન ખેડાણથી લઈ કાપણી-પૂળા બંધાઈ સુધીનું તમામ કામ એકરદીઠ મજૂરીના ધોરણે આપવામાં આવ્યું. આનાથી કામચોરી અટકી ગઈ. બીજા વર્ષે જમીનમાં રંધો ફેરવવાને બદલે આડો ઊંધો સત્તો કરવામાં આવ્યો જેથી વર્ષોથી પડતર રહેલી જમીનમાં પૂરેપૂરો ઊથલો આવ્યો. તમામ કામનો ખર્ચ રૂા.૨,૫૦૦/- થી વધારે નથી આવ્યો એમ બાબુભાઈનું કહેવું છે. ઉત્પાદન પણ ત્રણ હજાર મણ ચારાનું વધારે થયું અને પરિણામે બીજા વર્ષે થોડો નફો પણ થયો જે રકમ જમીન સુધારણમાં વાપરવામાં આવી છે. આ આયોજન અંગે જેમને શંકાઓ હતી, સફળતા અંગે અચોક્કસતા હતી તેમને આ ઉત્તમોત્તમ પ્રત્યુત્તર હતો. જવાબ શબ્દોમાં નહોતો, પરંતુ કરણીમાં હતો.

**- લે. લીલાધર માણેક ગડા, સૌ.પગદંડી**

## બાલ ઉછેર

''જો મને મારા બાળકને ફરી ઉછેરવાની તક મળે તો હું તેના તરફ આંગળી ચીંધવાનું ઓછું કરું અને તેની આંગળી વધારે વાર પકડું. હું કચકચ કરવાને બદલે તેની કાળજી લઉં. ઘડિયાળ પરથી નજર હટાવી તેના ચહેરાને માણું. તેને વધારે ફેરવું, તેની સાથે પતંગો ઉડાડું, પકડદાવ રમું, ખેતરોમાં દોડું, તારાઓ ગણું, તેને ઓછું વઢું અને વધારે વહાલ કરું. તેના પ્રત્યે કઠોર થવાને બદલે તેને દ્રઢતાથી આધાર આપું જેથી તે શક્તિશાળી બને, પ્રેમ કરવાને બદલે તેને પ્રેમની શક્તિને જાણવાનું શીખવું અને હું પણ શીખું. કાશ! મને મારા બાળકને ફરી ઉછેરવાની તક મળે.''

**- ડાઈન્સ લુમાન્સ, સૌ. પગદંડી**

**ભવિષ્યનું નિર્માણ કર્મથી થાય છે, રાશિથી નહિ. રાશિ તો રામ અને રાવણ બન્નેની એક જ હતી પરન્તુ કર્મોને લીધે એક પૂજાય છે, બીજાનું દહન થાય છે.**

## ઈશ્વરનું આગમન

એક દિવસ એક મોચીના સપનામાં ભગવાન આવ્યા અને કહ્યું, 'ભાઈ, હું આવતી કાલે તારો મહેમાન બનવાનો છું!

'ઓહો...હો...હો...મારા અહોભાગ્ય! મોચી અહોભાવથી બોલ્યો અને એની આંખ ખુલી ગઈ. ઈશ્વરના શબ્દો હજુ એના કાનમાં પડઘાઈ રહ્યા હતા. ઈશ્વર અતિથિ બનીને પોતાના આંગણે આવવાના છે એ હરખ એના હૈયામાં સમાતો નહોતો. નાહી ધોઈને એણે ઈશ્વરને આવકારવાની તૈયારી શરૂ કરી દીધી. પોતાની ઝૂંપડીની બહાર એક મોટા ઝાડ નીચે એ બેસતો હતો. એણે સૌ પ્રથમ ઝૂંપડી વાળીને સાફ કરી દીધી. આંગણામાં પાણી છાંટી દીધું દીવો અને આરતી તૈયાર કરી દીધા તથા નાનકડી બચતમાંથી ભગવાન માટે ફ્રૂટ લઈ આવ્યો. પછી ઈશ્વરનું સ્મરણ કરતાં કરતાં ઝાડ નીચે જુતાં સાંધવા બેસી ગયો. સમય પસાર થતો ગયો, સવારના દસ વાગી રહ્યાં હતા પણ ઈશ્વર હજુ આવ્યા નહીં. મોચી એમની રાહ જોતા હતો. એવામાં એક વૃધ્ધ સૈનિક ત્યાં આવ્યો અને બોલ્યો, 'ભાઈ ઠંડી બહુ છે. મને થોડીવાર તારી ઝૂંપડીમાં બેસવા દે. સગડીએ તપવા દે. પછી હું ચાલ્યો જઈશ. હું ગરીબ છું. મારું ઝૂંપડું બહું દૂર છે.'

મોચીએ એને આદરપૂર્વક પોતાની ઝુંપડીમાં બોલાવ્યો અને સગડી સળગાવી દીધી. ઉપરથી એક ધાબળો ઓઢવા આપ્યો અને કહ્યું, 'બેસો ભાઈ! જ્યાં સુધી ઠંડી દૂર ના થાય ત્યાં સુધી બેસો.' પછી એણે તરત જ ચા બનાવીને પણ પાઈ. વૃધ્ધ કલાક પછી ચાલ્યો ગયો. મોચીની નજર રાહ પર હતી. ઈશ્વર હજુ આવ્યા નહતા એટલામાં બપોર ચડી ગઈ. એક ડોશીમાં આવ્યાં અને બોલ્યા, 'ભાઈ, બે દિવસથી ભુખી છું. કંઈક ખાવાનું આપ!'

મોચીએ ભગવાન માટે લાવેલા ફળ ડોશીને આપ્યા અને ઝૂંપડીમાં બેસાડીને ડોશીને જમાડી. ડોશીમાં આશીર્વાદ આપતાં આપતા વિદાય થયાં.

મોચી ફરીવાર ઈશ્વરની રાહ જોવામાં લાગી ગયો હવે તો આંગણાનું પાણી પણ સુકાઈ ગયું દીવાની વાટ પણ વળ ખાઈ ગઈ હતી. દિવસ આથમી રહ્યો હતો. ભગવાને સપનામાં આવીને કહ્યું હતું પણ આવ્યા નહીં. સાંજ ઢળવા આવી હતી. મોચીનું મન ખાટું થઈ ગયું. એ નિરાશ થઈ ગયો હતો. પણ એણે રાહ જોવાની ના છોડી.

એ સામાન સંકેલી ઘરમાં આવ્યો. ફાનસ સળગાવી ત્યાં જ એક કોઢવાળો માણસ એના બારણે આવીને ઉભો રહ્યો, 'ભાઈ, થોડી સેવા કરશો. મને બહુ દર્દ થાય છે.'

મોચીએ એને ખાટલા પર બેસાડ્યો. વિના સંકોચે એની સેવા કરવા માંડી. એના ખદબદતા શરીરને ધોઈને સાફ કર્યું. એના પર મલમ લગાવ્યો. અને બીજી ઘણી બધી ચાકરી કરી. પછી રોગીને જમાડીને વિદાય કર્યો.

મોચી મોડી રાત સુધી ઈશ્વરની રાહ જોતો રહ્યો. પણ ભગવાને પોતાનું વચન ના પાળ્યું એમ માની એ રાત્રે બાર વાગે એ સૂતો... બરાબર આંખ મીંચી તરત જ ભગવાન એના સપનામાં આવ્યા અને પૂછ્યું, 'ભાઈ, કેમ છે મઝામાં?'

મોચી બોલ્યો 'ભગવાન આપ ના આવ્યા ને?'

ભગવાન બોલ્યા, 'ભાઈ હું ત્રણ વખત તારા ઘરે આવ્યો હતો. વૃધ્ધ સૈનિકના રૂપે, ડોશી બનીને અને કોઢિયો બનીને!'

'શું વાત કરો છો!' મોચી આશ્ચર્ય પામ્યો.

ભગવાન બોલ્યા, 'ભાઈ, ત્રણ વખત તેં મારી ખુબ સેવા કરી. સરભરા કરીને જમાડ્યો. હું ખુબ ખુશ છું.'

'ભગવાન તમે આવું કેમ કર્યું? ખરા રૂપે દર્શન કેમ ના દીધા?' ભગવાને સુંદર ઉત્તર આપ્યો, 'ભાઈ, હું મારા ખરા સ્વરૂપે ફરતો રહું તો બધા જ સ્વાર્થ ખાતર મારી આગતા-સ્વાગતા કરતા રહે માટે હું વિવિધ અને જરૂરિયાતમંદ અતિથિ તરીકે સમાજના દરેક જણના દ્વારે જાઉં છું. જે આવા અતિથિની આગતાસ્વાગતા કરે છે એ જ મારો ખરો ભક્ત છે. સમજ્યો?' મોચી આનંદથી નાચી ઊઠ્યો, 'હા સમજ્યો' આંગણે આવેલા અતિથિને સાચવો.

**- રાજ ભાસ્કર**

## સંત જ્ઞાનેશ્વર

સંત જ્ઞાનેશ્વરની ૭૨૫ મી જન્મ જયંતિ હમણા ઉજવાઈ ગઈ ત્યારે તેમના ભાઈ-બહેનોના નામ અને એની પાછળનું લોજીક સમજવા જેવુ છે. ચાર ભાઈ બહેનના નામ અનુક્રમે આ પ્રમાણે છે. નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન અને મુક્તાઈ. સૌથી પ્રથમ નિવૃત્તિ હું પણા માંથી નિવૃત્તિ ન થાય ત્યાં સુધી જ્ઞાન પ્રાપ્ત થાય નહિ. એટલે પહેલા નિવૃત્તિ પછી જ્ઞાન. એકવાર જ્ઞાન લાધે એટલે મોક્ષમાર્ગ ના પગથીયા ચઢવા માંડો એટલે ત્રીજુ સોપાન (સોપાન–પગથીયા) અને છેવટે મોક્ષ એટલે ચોથુ નામ મુક્તાઈ. આમ નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન અને મુક્તાઈ અધ્યાત્મિક માર્ગના ચાર તબક્કા દર્શાવે છે.

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## પ્રેમનો પ્રભાવ

ત્રીસ વર્ષની એક યુવાન સ્ત્રી, પણ એના ચહેરા ઉપર મોતની છાયા. તેના ફેફસામાં અને લગભગ અંગેઅંગમાં- કેન્સરનો જીવલેણ સ્પર્શ, મોડી ખબર પડી એટલે દવાઓ કામ ન લાગી. શસ્ત્રક્રિયા દ્વારા ગાંઠ કાઢવાની વાત થઈ ત્યારે ડૉક્ટર ફિક્કું હસ્યા અને બોલ્યા, 'કાઢીએ તો તમારું આખું શરીર જ ચામડીમાંથી કાઢીએ એવી સ્થિતિ થઈ છે. કેન્સર બધે જ ફેલાયું છે.' હવે એ જીવે તો થોડા જ મહિના જીવે, ને આટલું જીવવાની એને હોંશ પણ નથી. પગમાં જોર નથી. સહેજ ઊભી થાય તો ચક્કર આવે. ઊંઘ આવે નહિ, સતત ખંજવાળ, દર્દ, વેદના, યુવાની ખરી પણ સવારની લહેરમાં કરમાયેલા ફુલ જેવી. પણ નિરાશાની ધાર પર ઉભેલા એના જીવને નવો વળાંક લીધો. એને પોતાને ખબર પણ ન પડે એ રીતે એ યુવાન સ્ત્રી એક યુવાન સાથે આકર્ષાઈ. બન્નેને એકબીજા પ્રત્યે સમભાવ પણ ઉત્પન્ન થયો. પેલું કેન્સરનું ભૂત તો વચ્ચે હતું જ. તેના સાચા સ્વરૂપથી બંને માહિતગાર હતાં જ. પણ પ્રેમની આગળ તેનું પણ ચાલ્યું નહિં, ને એ પ્રેમ આંધળો કે આવેશ ભર્યો તો નહોતો જ. એકમાં માતા થવાનો કોડ હતા. 'બીજું' કંઈ નહિ પણ મારે એક બાળક તો જોઈએ જ. અને બીજામાં એના કોડ માટે આદર, માન, પ્રેમ અને અદમ્ય આકર્ષણ હતું. બધાંના આશ્ચર્ય વચ્ચે બંનેના લગ્ન થયાં, દામ્પત્યજીવન શરૂ થયું. રોગની સારવાર તો ચાલુ જ હતી. ડૉક્ટરની વારંવાર ધમકીઓ છતાં તે સગર્ભા બની. પૂરા માસે બાળક અવતર્યુ. મજાનો બાબો, ઘરમાં આનંદ આનંદ થઈ ગયો. પતિને પત્નીની તબિયતની ચિંતા હતી. બાળકના જન્મ પછીથી એણે ફેફસાંના ફોટા પડ્યા, ડૉક્ટરે ફોટા જોયા અને મૂંઝાયા.

તેમણે કહ્યું, 'તમારા પહેલાના ફોટામાં તો કેન્સરની મોટી ગાંઠ દેખાતી હતી આમાં તે દેખાતી નથી! આવા સાફ તંદુરસ્ત ફેફસાં નિરોગી મનુષ્યમાં જ હોય. તમને ક્ષ- કિરણોની સારવાર આપવામાં આવતી હતી કદાચ તેનું આ પરિણામ હોય.' તે સ્ત્રી હસી કારણ કે છેલ્લા નવ મહિનાથી એણે એ ટ્રીટમેન્ટ લીધી નહોતી. ક્ષ-કિરણોથી પોતના બાળકને નુકસાન પહોંચી શકે એ બીકે. દવા બીજી જ હતી. માતૃત્વ જિજીવિષા, વાત્સલ્ય પ્રેમ, એ નિર્મળ પ્રેમે એ યુવાન ઘસાઈ ગયેલી સ્ત્રી માટે સંજીવનીની ગરજ સારી. માતૃત્વના કોડે એને નવું જીવન મળ્યું હતું.

આજે એનું મન સ્વસ્થ છે. તન સ્વસ્થ છે. હૃદયમાં શાન્તિ છે અને ઘેર ખિલખિલાટ કરતો બાળ કનૈયો છે.

**- કૃપાશંકર જાની**

## ગોવિજ્ઞાન ભારતી, મુંબઈ પ્રેરીત
## ભાલ નળકાંઠા સઘન સમીતિ-રામપુરા
## સંચાલિત છાશ કેન્દ્ર

**તા.૧.૪.૧૮ થી ૩૦.૬.૧૮ સુધીનો અહવાલ**

રજા બાદ કરતાં ચાલુ દિવસ ૭૪
દૈનિક દેશી ગાયના દૂધની જરૂરિયાત ૧૫ લીટર

**(૧) આવક**

| | |
|---|---|
| ૧૫,૦૦૦/- | મુંબઈ થી મળ્યા |
| ૨૮,૭૧૦/- | ઘીનું વેચાણ (૩૧ કિ. ૯૦૦ ગ્રા. ભાવ રૂ.૯૦૦/- કિલો) |
| ૮,૨૧૭/- | છાશનું વેચાણ (૨૭૩૯ લીટર ભાવ રૂ.૩/- લીટર દીઠ) |
| **૫૧,૯૨૭/-** | **કુલ આવક** |

**(૨) ખર્ચ**

| | |
|---|---|
| ૪૪,૪૦૦/- | દૂધ ૧૧૧૦ લીટર ભાવ રૂ.૪૦ પ્રતિલીટર -દેશી ગાયનું તાજુ દૂધ |
| ૫,૭૫૦/- | ૧ બહેનને મજુરી પેટે |
| ૩૯૦/- | પ્લાસ્ટીક બરણી (ઘી માટે) + પ્રવાસ ખર્ચ |
| ૧૪૮૦/- | બરફના (દૈનિક ૨૦રૂા.લેખે) |
| **૫૨,૦૨૦/-** | **કુલ ખર્ચ** |
| ૯૩/- | ઘટ |
| **૫૧,૯૨૭/-** | **કુલ આવક** |

★ ૧ લીટર દેશી ગાયના દૂધમાંથી ૨૮ ગ્રામ ઘી મળ્યું.
★ ૩૫ કુટુંબોને રાહત દરે (રૂા.૩/- લીટર) છાશ મળી.
★ ૧ બહેનને આંશિક મજુરી મળી (રોજના ૨ કલાક)
★ દેશી ગાયના દૂધમાંથી બનાવેલ ૧૦૦% શુધ્ધ ઘી મળ્યું.

**- ધીરુભાઈ રાઠોડ**

## ગાવો વિશ્વસ્ય માતરઃ

## જાપાન અને સ્વચ્છતા

દરેક દેશની પોતાની આગવી ઓળખ હોય છે, આગવી જીવનશૈલી હોય છે તેમજ આગવી સંસ્કૃતિ હોય છે. જો જાપાનની વાત કરીએ તો ઊડીને આંખે વળગે તેવું કંઈ પણ હોય તો એ છે સ્વચ્છતા, સમયપાલન માટેની સ્વયંશિસ્ત અને સમુરાઈ યુગ પ્રત્યેનો પ્રગાઢ પ્રેમ. જાપાન યાત્રા દરમિયાન આગળ ઉપર જણાવેલાં ત્રણ પરિબળોને લઈને જે અનુભવો થયા છે તે આપ સૌની સમક્ષ પ્રસ્તુત છે. ટોક્યો હોય કે ક્યોટો શહેર, એક વાત દરેક સ્થળે કૉમન જોવા મળી. દરેક વ્યક્તિ પાસે એક પેપરબેગ અચૂક હોય છે. ટોક્યોમાં લગભગ તમામ લોકો, સ્ત્રી અને પુરુષ બન્ને કામ કરે છે, એટલે તેઓ સવારથી જ ઘરની બહાર નીકળી જાય છે. દરેકની પાસે એક પેપર બેગ હોય જ છે. જેમાં આખા દિવસ દરમિયાન જે-તે વ્યક્તિ પોતાની પાસેનો ભીનો કે સુકો કચરો આ બેગમાં જમા કરે છે. જો બેગ ભરાઈ જાય તો તેને ડીસ્પોઝ કરવા માટે જાહેર સ્થળો પર ડસ્ટબિન મુકાયેલાં હોય છે. જાપાનમાં કોઈ પણ વ્યક્તિ જાહેરમાં, રોડ પર કે ફુટપાથ પર કચરો ફેંકતો જોવા મળતો નથી. કોઈ પણ વ્યક્તિ જાહેરમાં થૂંકતો જોવા મળતો નથી. જો સાથે રહેલી પેપર બેગ ભરાઈ જાય તો જાપાનીઓ તરતજ બીજી પેપરબેગ લઈ લે છે. જો કોઈ વ્યક્તિ જાહેરમાં કચરો ફેંકે તો તે ચોક્કસપણે જાપાનીઝ નથી એવું કહેવામાં જાપાનીઓ બિલકુલ અચકાતા નથી.

સ્વચ્છતા અંગેની જાપાનીઓની આ પ્રતિબદ્ધતા, જેને તેમના એક ઉજળા સંસ્કાર તરીકે જ લેખવી પડે, તે જોઈને તેમના પ્રત્યે ચોક્કસપણે માન વધી જાય છે. ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન આપણા દેશ માટે અતિ આવશ્યક છે, કારણ કે ગંદકી કરવા અને ફેલાવવાની બાબતે આપણે કોઈને પણ હરાવવા સક્ષમ છીએ! કોઈ પણ સરકાર ઈચ્છે તો સ્વચ્છતા માટેની માળખાકીય સુવિધાઓ પૂરી પાડી શકે, પરંતુ અલ્ટિમેટલી સફાઈ રાખવાના સંસ્કાર તો લોકોએ જ કેળવવા પડે. ભારતના લોકોએ જાપાન પાસેથી આ એક શીખવા જોવો બહુ મોટો ગુણ છે. આપણે સ્વચ્છતા બાબતે ક્યારે સુધરીશું ?

**- મયુર જાની**

**તમે જેટલું જીવન જીવી ગયા છો તેના તમે ગુલામ છો,**
**જેટલું જીવન બાકી છે તેના તમે માલિક છો.**

## સંસારની ઝંઝાવાતો

ઝુકવા માટે માત્ર ઈચ્છા જોઈએ, ઝઝૂમવા માટે પ્રબળ આકાંક્ષા, પુરુષાર્થ અને સંકલ્પ. આત્મબળ સિવાય જીવનયુદ્ધમાં વિજેતા બની શકાય નહીં. અમે નાના હતા, ત્યારે પિતાશ્રી 'બે તાવ' ની પ્રેરક કથા સંભળાવતા.

તદનુસાર ''એક વાર ભાદરવા મહિનામાં આકાશમાંથી બે તાવોએ નક્કી કર્યું કે આપણે ધરતી પર જઈએ અને માણસની તાકાતની કસોટી કરીએ. એટલે કે એક તાવે એક ધનિક શેઠના શરીરમાં પ્રવેશ કર્યો. શેઠે શરીર ગરમ થતાં વેંત રાડારાડ કરી મૂકી. મુનિમજી એમને ઘેર લઈ ગયા. વૈદ્ય, હકીમ, ડૉક્ટરને બોલાવામાં આવ્યા. શેઠાણીએ કાજુ, દ્રાક્ષ, બદામ, અખરોટ વગેરે ભરેલી ડિશ શેઠની આગળ મૂકી દીધી. પેલો તાવ મનોમન હરખાતો હતો કે થોડા દિવસ રહેવા માટે આ શેઠનું ઘર ઉત્તમ છે. કેવી સરસ મારી આગતા-સ્વાગતા થઈ રહી છે એટલે એક દિવસ પછી પાછા ફરવાને બદલે તેણે એક અઠવાડિયા સુધી શેઠના શરીરમાં અડ્ડો જમાવ્યો મોજમજા માણી અને ત્યારબાદ શેઠનું શરીર છોડી આકાશ માર્ગે સિધાવ્યો.''

બીજો તાવ એક ખેડૂતના શરીરમાં પ્રવેશ્યો. ખેડૂત હળ ચલાવતો હતો. ઘરવાળી રોટલો અને ડુંગરી તથા ગોળ ભાથામાં લાવી હતી. એ જમવાનો વિચાર કરે તે પહેલાં શરીરમાં કળતર થવા માંડી.

ખેડૂતને તાવના આગમનનાં ચિહ્નો વરતાવા માંડ્યા. એટલે ખેડૂતે નક્કી કર્યું કે આજે આરામ પણ નથી કરવો અને બપોરા પણ નથી કરવા. ભૂખ્યો રહીશ અને ખરા બપોરે હળ ચલાવવાથી પરસેવો થશે એટલે શરીરની ગરમી બહાર નીકળી જશે. પાણી પણ પીવું નથી! ખેડૂતના શરીરના તાવની ખાસ્સી દુર્દશા થઈ એટલે સાંજ પડતાં સુધીમાં તો ખેડૂતનું શરીર છોડી તાવ ભાગી ગયો. તેની ન થઈ કોઈ આગતા-સ્વાગતા કે ન મળ્યું તેને કોઈ સ્વાદિષ્ટ ખાવાનું.

સારાંશ એ કે સુંવાળું જીવન માણસના મનોબળને નબળું પાડી દે છે એનામાં ઝુકવાની પલાયનવાદી વૃત્તિ પેદા કરે છે, જ્યારે પેલા ખેડૂત જેવું અડગ મનોબળ ધરાવનાર દુ:ખ સામે ઝઝૂમી દુ:ખને ભગાડી મૂકે છે.

**- ડો. ચંદ્રકાન્ત મહેતા**

**જાગવા માટે સત્સંગ, જાગતા રહેવા માટે સત્સંગ**
**સત્સંગ જેવુ હિતકારી મુમુક્ષુ માટે બીજુ કશુ નથી.**

## પુસ્તકનો પ્રભાવ

એક ખેતરના ખૂણા પર મકાન બનાવીને એક કુટુંબ રહેતું હતું. માં-બાપ, દાદાજી, તેમનો પૌત્ર. માં-બાપ રોજે મજુરી ઉપર નીકળી જતા, અને ઘરે દાદાજી અને દસ વરસનો પૌત્ર જ રહેતા. દાદાજી રોજ સવારે વહેલા ઉઠીને બારી પાસે મુકેલી ખુરશી પર બેસીને પુસ્તકો વાંચતા રહેતા.

એક દિવસે પૌત્રે પૂછ્યુંઃ ''દાદા... હું તમારી જેમ જ બુક્સ વાંચવાનો પ્રયત્ન કરું છું, પણ હું તેમાં કઈ સમજતો નથી. અને જે કંઈ પણ સમજુ છું એ એક-બે દિવસમાં ભૂલી જાઉં છું. ઘણીવાર તો બુક બંધ કરું ને પાછળ બધું ભુલાઈ જાય છે. તમે પણ ઘણુ બધું ભૂલી જતા હશો. તો પછી પુસ્તકો અને કહાનીઓ વાંચવાનો મતલબ શું?''

દાદાજી હસ્યા, અને ઉભા થઈને રસોડામાં ગયા અને લોટ ચાળવાનો ગંદો હવાલો લઈને આવ્યા. પોતાના પૌત્રને કહ્યુંઃ ''આ હવાલો લે, અને બહાર ખેતરમાં જતા પાણીના ધોરીયામાંથી હવાલો ભરીને લેતો આવ. મારે આ હવાલામાં સમાય એટલું પાણી જોઈએ છે.''

દીકરાને જેમ કહેલું તેમ તેણે કર્યું, પરંતુ હવાલો ભરીને દોડતો દાદાજી પાસે આવ્યો એ પહેલા જ હવાલાના કાણાઓમાંથી બધું પાણી લીક થઈ ગયું. દાદાજી હસ્યા અને કહ્યુંઃ ''બીજી વાર ભરતો આવ, પરંતુ આ વખતે ઝપડથી દોડીને આવજે.'' દીકરો બીજી વાર ગયો, પણ ફરીથી તે દાદાજી પાસે પહોંચે એ પહેલા હવાલો ખાલી હતો! હાંફતા-હાંફતા તેણે દાદાજીને કહ્યું કે આ હવાલામાં તો પાણી ભરીને લાવવું અશક્ય લાગે છે. હું એક ગ્લાસમાં કે લોટામાં ભરતો આવું. પરંતુ દાદાજી કહેઃ ''ના. મારે આ હવાલામાં સમાય એટલું પાણી જ પીવું છે! મને લાગે છે તું સરખી કોશિશ નથી કરી રહ્યો.'' છોકરો ફરી બહાર ગયો, અને પૂરી ઝડપથી દોડતો આવ્યો, પણ હવાલો ફરી ખાલી જ હતો! થાકીને જમીન પર બેસીને દાદાજીને તેણે કહ્યુંઃ ''દાદા...કહ્યું છું ને... આ નકામું છે. ના ચાલે.''

''ઓહ... તો તને લાગે છે કે આ નકામું કામ છે?'' દાદાજીએ કહ્યું, ''તું એકવાર હવાલા સામે તો જો.'' છોકરાએ હવાલાને જોયો અને પહેલીવાર તેણે જોયું કે હવાલો બદલાઈ ગયો હતો. તે જુના ગંદા હવાલામાંથી ધોવાયેલો, ચોખ્ખો, ચળકતો હવાલો બની ગયો હતો. તેના દરેક મેલ ધોવાઈ ગયા હતા.

દાદાજીએ હસીને કહ્યુંઃ ''બેટા... જ્યારે તમે પુસ્તકો વાંચો ત્યારે આવું થાય છે. તું કદાચ બધું સમજે નહી, કે બધું યાદ ન રહે, પરંતુ જ્યારે તમે વાંચો, ત્યારે તમે બદલાતા હો છો. અંદર અને બહાર પણ. કોઈ પણ કહાની કે કોઈ સારી વાત તમને અંદરથી થોડા ધોઈ નાખે છે, અને તમારો મેલ દુર કરે છે.''

## બાળપણમાં પડેલી સારી આદતનું રિસાયકલિંગ

એક મરાઠી છોકરાના દાદાને વાંચનનો બહુ શોખ હતો. તેમણે જીવન દરમિયાન ઘણું વાંચ્યું પરંતુ વૃધ્ધાવસ્થામાં તેમની આંખો નબળી પડી ગઈ એટલે તેઓ વાંચવા માટે અક્ષમ બની ગયા. જો કે એમને વાંચ્યા વિના, એમાંય અખબાર વાંચ્યા વિના ચેન નહોતું પડતું. એટલે તેમણે એક રસ્તો શોધી કાઢ્યો. એક દિવસ પોતાના નાનકડા પૌત્રને કહ્યું કે, તારે રોજ મને અખબાર વાંચી સંભળાવવાનું અને એના બદલામાં હું તને રોજનો એક રૂપિયો આપીશ. બોલ, મંજુર છે? પૌત્ર તો ખુશ થઈ ગયો. તેણે હા પાડી દીધી. એ દિવસથી તે છોકરો દરરોજ પોતાના દાદાને અખબાર વાંચી સંભળાવવા લાગ્યો. શરૂઆતમાં તે ક્યારેક અકળાતો, પણ પછી તેને અખબાર વાંચવામાં રસ પડવા માંડ્યો.

પછી તો પૌત્રને વાંચનનો એવો શોખ જાગ્યો કે તે પોતાના દાદાને વિખ્યાત મરાઠી લેખક પી.એલ. દેશપાંડે અને જી. કે. ચેસ્ટરટનની લઘુકથાઓ પણ વાંચી સંભળાવવા લાગ્યો. પોતાના મનપસંદ વાંચનને કારણે તેની કલ્પના શક્તિ ખીલવા લાગી અને એને કારણે તેણે લખવાનું પણ શરૂ કર્યું. યુવાવસ્થામાં તેણે મુંબઈની પોદ્દાર કોલેજમાંથી ગ્રેજ્યુએશન કર્યું અને પછી ન્યુયોર્ક યુનિવર્સીટીમાંથી પોલીટીકલ સાયન્સમાં ડોક્ટરેટની ડીગ્રી પણ મેળવી.

બાળપણમાં પોતાના દાદાને અખબારો અને વાર્તાઓ વાંચી સંભળાવતા વાંચન અને લેખન તરફ વળેલા આ યુવાનની લઘુકથા 'કાઉ એન્ડ કંપની'ને ૨૦૧૬ નું કોમનવેલ્થ શોર્ટ સ્ટોરી પ્રાઈઝ મળ્યું. આ પુરસ્કાર મેળવનારા તેઓ પ્રથમ ભારતીય લેખક છે. સિંગાપોરની યેલ એનયુએસ યુનીવર્સીટીમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પરાશર કુલકર્ણીની આ વાત છે. બાળપણમાં પડેલી સારી આદતે પરાશરને વિશ્વ સ્તરે નામના અપાવી.

**- સંકલન : રીતેશ અરવીંદ પોલડીયા**

## માતાની માવજત

મા બિમારીના સમયમાં કેટલીક માવજત કરે છે તે હેલન કેલરના શબ્દોમાં: મારો જન્મ ઉત્તર આલાબામામાં આવેલા ટસ્કુમ્બિયા નામે નાનકડા ગામમાં સને ૧૮૮૦માં થયો હતો!

હું નાની હતી ત્યારે ખૂબ જ હોશિયાર હતી અને એક જ વરસમાં ચાલતા શીખી ગઈ હતી. અચાનક એક વરસની થઈ ત્યાં હું માંદી પડી મગજ ઉપર લોહી ચડી ગયું. એક દિવસ સવારના તાવ આવ્યો તેવો જ ચૂપચાપ ચાલ્યો ગયો! એ જોઈ ઘરનાં બધાં આનંદમાં આવી ગયાં. પણ તે તાવ સાથે મારી આંખોની જોવાની શક્તિ અને કાનની સાંભળવાની શક્તિ લેતો ગયો. એની કોઈને પણ ખબર ન પડી!

મારી સારવાર કરતા ડોક્ટરને પણ હતું કે હવે હું કદી જોઈ નહિ શકું - સાંભળી નહિ શકું - એ મારી માતાએ જાણ્યું ત્યારે તે અર્ધપાગલ જેવી થઈ ગઈ! 'હવે મારી દીકરી પંખીઓનો કલરવ નહિ સાંભળી શકે. ફૂલોની ને સરોવરની શોભા નહિ જોઈ શકે. અને માનો મીઠો મધુર કંઠ સ્વર પણ નહિ સંભળાય! માનું મોઢું પણ એને નહિ દેખાય! કેમ જશે એના દિવસો અને અમારા દિવસો!

માતા મને ઘડીય અળગી કરતી નહિ. એ ઘરકામ કરતી હોય કે આમતેમ ફરતી હોય. ત્યારે હું એનાં કપડાં ઝાલી રાખતી. અને એની પાછળ ફરતી. માંદગી પછીના આઠ મહિના કેવી રીતે વિત્યા એ મને યાદ નથી. માત્ર એટલું જ યાદ છે કે હું માના ખોળામાં બેસી રહેતી હતી. મારા હાથ બધી વસ્તુઓને ફંફોળતા રહેતા. બધી હલન-ચલનનો અર્થ પામવા મથતી અને નિશાનીઓ દ્વારા મારી માતા મને ઘણું શીખવતી. આવી રીતે માતાએ મને ઘણું શીખવ્યું. 'મારા માટેની એ લાંબી રાત્રિના અંધકારમાં જે કંઈ સુંદર અને મધુર હતું તે બધું મારી માતાના પ્રેમને અને એના ડહાપણને આભારી હતું. મા મને ઘણું શીખવતા-સમજાવામાં સફળ થઈ!'

પાંચ વરસની થતા સુધીમાં હું એની આસપાસ બનતું ઘણું સમજતી થઈ ગઈ હતી. હું કપડાં ગોઠવીને મૂકતી. ઘરમાં ને બગીચામાં ફરતી, ફૂલોને રમાડતી, મહેમાનો આવે ને જાય. એની યે મને ખબર પડવા લાગી. હું તો અંધ અને બધિર એટલે મૂક! એક સાથે ત્રણ ત્રણ ઈન્દ્રિયો ઠપ! દર્શન, શ્રવણ અને વાણીની ત્રણે શક્તિઓ ગુમ! વળી અબળા પણ મારી માતાએ હતાશ થઈને મને તરછોડી નહિ. મને પૂરેપૂરો પ્રેમ આપ્યો. અને મારી તમામ સુષુપ્ત શક્તિ પ્રગટાવવાનો પૂરો પ્રયત્ન કર્યો!

સાતમું વર્ષ પૂરુ થવાને ત્રણ માસ બાકી હતા ત્યાં મારા જીવનમાં નવું પરોઢ ઊગ્યું. મિસ સિલિવન નામે શિક્ષિકાએ મારા શિક્ષણનો ભાર ઉપાડી લીધો. હું ઝડપથી શીખતી ગઈ, જે વિશ્વનો એક ચમત્કાર ગણાય છે. આજે મારું નામ વિશ્વભરમાં જાણીતું છે. મારા લખેલાં અનેક પુસ્તકો સાક્ષી પૂરે છે. મારી આ અદ્‌ભૂત સિધ્ધિનો યશ મારી માતા અને કુમારી સિલિવનને ફાળે જાય છે. મારી માતા શ્રધ્ધાળુ હતી. ગમે તેવા વિકટ સંજોગોમાં હતાશ નહિં થવું હામ નહિ છોડવી. એ હું મારી માતા પાસેથી શીખી હતી. એકવાર કોઈએ હેલનને પૂછ્યું માણસ માટે સૌથી મોટી આપત્તિ કઈ હોઈ શકે? હેલને જવાબમાં કહ્યું, 'માણસ અને આંખો હોય છતાં જોઈ ન શકે તે માતાની માવજત.' આ ઘટના કોઈપણ અપંગના હૈયામાં હામ પૂરવા સમર્થ છે.

**- હર્ષદભાઈ વ્યાસ**

## અનુમોદના

ભગવાને કહ્યું છે કરવું, કરાવવું અને અનુમોદવું.એમાં કરવું અને કરાવવું આ ભવ પૂરતું હોય પણ અનુમોદના આવતા ભવમાં પણ સાથે આવશે.અનુમોદના કરવાથી કાર્ય કર્યા જેટલું જ ફળ મળે છે.અનુમોદનાથી ભવોભવના અનંતા પાપકર્મો ખપી જાય છે. અનુમોદના અંતરાયને દૂર કરે છે.અનુમોદનાથી આપણી ''ઓરા'' શુભ થાય છે.પણ જો કોઈના ખરાબ કામના વખાણ કર્યા તો ભવિષ્યમાં જે સારું મળવાનું હોય તે ન મળે એવા કર્મો બંધાય છે.

---

## અનુસંધાન પાના નં.૧૬ પરથી ચાલુ...

કદાચ પહેલો નંબર જાળવી નહિ શકે તો તેને દર વર્ષે મળતી સ્કોલરશીપ ગુમાવવી પડશે. આમ થાય તો તેને માટે આગળનો અભ્યાસ ચાલુ રાખવામાં મુશ્કેલી ઊભી થશે. આથી પ્રશ્નપત્રોના જવાબ લખતી વખતે મને આવડતું હોવા છતાં મેં કેટલાંક પ્રશ્નોના જવાબ અધૂરા છોડેલાં. પરિણામે આયુષીનો પહેલો નંબર જળવાયો.

વહાલસોયી દીકરીની આવી દિલદારીની જાણ થતાં માતાએ કહ્યું, 'બેટા, તેં ખેલદિલી દાખવીને એક સાચા દોસ્તની ફરજ બરાબર નીભાવી શાળાની પરીક્ષામાં ભલે તારો બીજો નંબર આવ્યો પણ માનવતાની કસોટીમાં તેં પહેલો નંબર મેળવી લીધો. આવી હોનહાર દીકરી માટે મને ગર્વ છે.'ઈશાની હર્ષના આંસુ સાથે માતાને ભેટી પડી.

**- અનંત શાહ, સૌ. પરિત્રાણ**

## ખુલ્લો એકરાર

મીરાંબેનની આત્મકથાત્મક જીવનકથા 'મિલે સૂર મેરા તુમ્હારા' વાંચી. દાંપત્યજીવનની સુંદર વાત તેમણે લખી છે. આ પુસ્તકમાં અરુણભાઈના શબ્દોમાં સ્વામી કૃષ્ણાનંદજીનો સ્વામી-સંતોની લાચારી અંગેનો લખેલો એકરાર વાંચવામાં આવ્યો તે હાલના સંદર્ભમાં ઉપયોગી લાગે છે.

૧૯૭૭નું વર્ષઃ સ્વામી કૃષ્ણાનંદજીએ અરુણભાઈ ભટ્ટને ઈંગ્લેન્ડ આવવાનું આમંત્રણ આપ્યું. ત્યાં એમનો આશ્રમ હતો. અરુણભાઈ ભજનો સુંદર ગાય. સ્વામીજીનું ધ્યેય હતું, 'ભારતીય સંસ્કૃતિને વિશ્વભરમાં ફેલાવવાનું'. અરુણભાઈએ આ માટે વિનોબાજીની પરવાનગી માંગી. વિનોબાએ સંમતિ ન આપી. અરુણભાઈ તો વિનોબાના સેવક. એમની સંમતિ વિના ઈંગ્લેન્ડ જવા તૈયાર ન હતા. બીજી તરફ સ્વામીજીએ ઈંગ્લેન્ડનો કાર્યક્રમ ગોઠવી કાઢ્યો હતો. અરુણભાઈએ પૂ. બાબાને કારણ પૂછયું. વિનોબાજીએ કહ્યું, ''આ બધું સાંપ્રદાયિક હોય છે.'' ત્યારે અરુણભાઈએ સ્વામીજીનો બચાવ કરતા કહ્યું કે તેઓ સાંપ્રદાયિક નથી, એમના પર ગાંધી-વિનોબાના વિચારોની સારી એવી અસર છે. તો વિનોબાએ કહ્યું કે ''એ પહેરે તો ભગવાં જ ને?'' આ બધા સંતો સાંપ્રદાયિક જ હોય છે. ખૂબ સમજાવટ બાદ સંમતિ મળી.

ઈંગ્લેન્ડ ગયા બાદ અરુણભાઈએ સ્વામીજીને આ વાર્તાલાપ શબ્દશઃ સંભળાવ્યો. સ્વામીજીએ આપેલો પ્રતિભાવ વાંચવાલાયક છે.

''વિનોબાજીની વાત સાચી છે, અમે લોકો ગમે તેટલી વ્યાપકતાની વાતો કરીએ પરંતુ આખરે તો અમારી જમાત એક અલગ વિભાગની જ ગણાય છે. લોકો માને છે કે કેટલા મોટા સ્વામી છે. હજારો લોકો અમારું પ્રવચન સાંભળવા આવે, ઉપનિષદ - ગીતા વગેરે મંત્રમુગ્ધ થઈને સાંભળે અને અમને લાગે કે અમે કેટલા મહાન જ્ઞાની-વિજ્ઞાની છીએ. અમે લોકો દુનિયાભરમાં વિમાનો દ્વારા ફરતા રહીએ છીએ. મોટા મોટા શ્રીમંતોનો અખૂટ વૈભવ અમારી તહેનાતમાં હાજર રહે! પરંતુ અમે અંતરમાં સમજતા હોઈએ અમારી સાચી હાલત! આ બધા શ્રીમંતો વચ્ચે એક પ્રકારની હરીફાઈ ચાલતી હોય છે કે એમની પાસે સૌથી મોટા પ્રખ્યાત સાધુ-સંન્યાસી છે. બીજાની પાસે શ્રી શ્રી ૧૦૮ છે, તો મારી પાસે શ્રી શ્રી શ્રી ૧૦૦૮ છે.

અરુણભાઈ સાચું માનજો, એ લોકો અમને એમના દિવાનખાનાની શોભા, પ્રદર્શનની ચીજ બનાવી રાખવા ઈચ્છે છે. એ લોકો બેસશે નીચે અને અમને બેસાડશે ઊંચા સોફા પર. સ્વામીજી સ્વામીજી કહેતા કહેતા પણ તમામ દોર પોતાના હાથમાં રાખશે! લોકોને લાગે છે કે આખું કુટુંબ સ્વામીની આજ્ઞામાં ખડે પગે છે, પરંતુ અમે એમના પાળીતા સ્વામીજી! ઘણી વાર તો મને થયું છે કે આ સંન્યાસીના વાઘા ઉતારીને સામાન્ય વેશ ધારણ કરી લઉં! પરંતુ વ્યાપક સમાજ માટે એ યોગ્ય નહીં ગણાય એમ ધારી યથાવત્ રહું છું.''

**સંકલન : ડૉ. અશ્વિન શાહ, સૌ. ભૂમિપુત્ર**

## કવિતા

બોલોને, શું કરશો હરિ
મારા વિના એકલા, જ્યારે જઈશ હું મરી?
હું તમારો ઘટ બનું જો ચૂરેચૂરા,

હું તમારા પ્રાણની ઊડી જાઉં જો સુરા,
હું તમારે કસબી હાથ વણાતો જામો
જાઉં સરી તો હાથ તમારો થાય નકામો,
મારા વિના હાય, થશો ઘરબાર વિહોણા,
નેહથી તમને નોતરી કરશે કોણ પરોણા?

હું તમારી ચાખડી, મારા વિણ ઉઘાડાં
થાક્યાંપાક્યાં ચરણ ઘૂમશે ટેકરા-ખાડા,
સરી પડશે અંગથી તમ વિરાટનો વાઘો
આપણો સંગ જ્યાં ઓગળી જશે આઘો આઘો,
મારા ગાલ પે હેત ભરી જ્યાં નજરું ઠરી
તમને પાછી મળશે ક્યાં એ હૂંફ ઓ હરિ?

નજરું નમશે ક્યાંય તમારી વસમી પળે
હિમશિલાની ગોદમાં જેવી સંધ્યા ઢળે,
જીવ આ મારો કાંઈ મૂંઝાતો ફરી ફરી,
શું કરશો, હરિ?

**મૂળ લેખક : રેઈનર મારિયા રિલ્કો,**
**અંગ્રેજીમાંથી અનુવાદ : શ્રી મકરંદ દવે,**
**પ્રેષક : શ્રી મનોજ રાજગુરુ**

### પુત્રજન્મની અનોખી ઉજવણી

ભૂતાનના રાજાને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો ત્યારે મહેમાનોને બોલાવીને, લખલૂટ ધન ખર્ચીને આલીશાન પાર્ટી કરવાને બદલે ૧ લાખ ૮ હજાર વૃક્ષ વાવવામાં આવ્યા. ધન્ય છે એ રાજવીને, ધન્ય છે એમના પર્યાવરણ પ્રેમને.

## મિચ્છામિ દુક્કડમ્

આત્મીય વાંચકમિત્રો,

ગોરક્ષાપાત્રમાં પ્રગટ થતા લખાણો દ્વારા અથવા અન્ય કોઈ રીતે પણ જાણે અજાણ્યે આપની લાગણીને ઠેસ પહોંચી હોય તો અમે આપની ક્ષમા યાચીએ છીએ. પર્વાધિરાજ પર્યુષણના પાવન અવસરે અંતકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્. **લિ. સંપાદક મંડળ**

**નોંધ:** સપ્ટેમ્બર ૨૦૧૮ના ગોરક્ષાપાત્રમાં પાના નં.૫, ૫૨ પ્રગટ થયેલ ''સાત્વિકતા થેરેપી'' લેખમાં ૧ ફકરાનું પુનરાવર્તન થયું છે તથા અંકના દરેક પાના નીચે જે મહિનાનો અંક હોય તે છપાય છે ત્યાં ઓગસ્ટ ૨૦૧૮ છપાયું છે જે સપ્ટેમ્બર ૨૦૧૮ હોવું જોઈએ. આશા રાખુ છું કે વાંચકો અમારી આ શરતચૂક દરગુજર કરશે.

**- લિ. શાંતિલાલ ગડા, સહ સંપાદક**

## પ્રતિભાવ

મેગેઝીન ચલાવવું, નિયમિત ચલાવવું કઠિન છે અને તેમાં પણ સત્ત્વશીલ અને પ્રેરક લખાણોનો સંચય કરીને સૌની સમક્ષ મૂકી આપી, પ્રેરણાસ્રોત્રની કામગીરી કરવી એ ખરેખર તો જે કરી રહ્યા હોય તેઓ જ જાણી શકે. તમે સૌને સન્માર્ગે લઈ જવા માટેના પ્રયાસ કરી રહ્યાં છો, તે ખરેખર અભિનંદનને પાત્ર છે. **-રમેશ પંડયા, જુનાગઢ.**

તમે કેવો સરસ પત્ર લખ્યો છે આનંદ થયો. હું અનુભવું છું કે સદવાંચન, સત્સંગ અને સ્વ સાથે રહેવાથી ઘણું સમજાતું જાય છે, ચોખ્ખું થતું જાય છે, દિશા મળતી જાય છે, મુળ વાત સમજાય છે તે જીવવાની છે અને અસ્તિત્વ તે મુજબ માર્ગદર્શન આપે છે.

તમારી વાત સાચી છે. પ્રથમ આત્મજ્ઞાન અને પછી ક્રાંતિ. દાદા ધર્માધિકારીએ જ ગાંધીજીના સંદર્ભમાં આવું જ કશું કહેલું: ''સ્વ પલટો તે ક્રાંતિ, બીજી બધી ભ્રાંતિ.''

ગાંધીજી વિષે વંચાતુ જાય છે તેમ લાગે છે તે તેમનું અવતાર કૃત્ય હતું તે કરતા રહ્યા, પણ અંદરની જાગૃતિની વાટ સાથે સાથે ખંખેરતા રહ્યા. અદભૂત છે તેમની જાગૃતિ, મુળ તત્વ સાથેનું અનુસંધાન સમજાયું તેમ તેમ પરિવર્તન કરતા ગયા, જીવતા ગયા. જગતના ઈતિહાસમાં અનોખી વાત હતી. કેવળ તત્વાનુસંધાન નહીં પણ તે તત્વનું જીવનાનુસંધાન.

**- રમેશભાઈ સંઘવી, ભુજ**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. પંકજ ઠક્કર | વડોદરા | ૫૦૦/- |
| ૨. ભાલનળકાંઠા સ. ક્ષેત્ર | રામપુરા | ૨૦૦/- |
| ૩. શરદભાઈ સી. શાહ | સુરત | ૬૦૦/- |
| ૪. ગીરીશભાઈ ભટ્ટ | સુરેન્દ્રનગર | ૨૦૦/- |
| ૫. અનસુખરાય શાહ | સાંગલી | ૧૦૦/- |
| ૬. સુધાબેન શાહ | વડાલા | ૨૦૦/- |
| ૭. ગોરા પરિવાર | ગોરા | ૨૦૦/- |
| ૮. નીખીલ પટેલ | વીર્લપાર્લા | ૫૦૦/- |
| ૯. ભોગીલાલ પટેલ | અગાસ | ૧૦૦/- |
| ૧૦. હેમંત પટેલ | બેન્ગલોર | ૧૦૦/- |
| ૧૧. શરદ શાહ | ભાવનગર | ૨૦૦/- |
| ૧૨. અમીત શાહ | અંધેરી | ૨૦૦/- |
| ૧૩. ધીરેન કોઠારી | ઘાટકોપર | ૨૦૦/- |
| ૧૪. હર્ષદ મહેતા | ઘાટકોપર | ૨૦૦/- |
| ૧૫. ચંદ્ર શાહ | ઘાટકોપર | ૧૦૦/- |
| ૧૬. કાંતીલાલ ઠક્કર | પાટણ | ૫૦૦/- |
| ૧૭. ધીરૂભાઈ ડાભી | અમદાવાદ | ૨૦૦/- |
| ૧૮. ચંદ્રિકા મુનીમ | સાંતાક્રુઝ | ૨૦૦/- |
| ૧૯. ચંપક શાહ | સાયન | ૧૦૦/- |
| ૨૦. અશોક મેહતા | નવી મુંબઈ | ૫૦૦/- |
| ૨૧. રમેશ બાપાલાલ શાહ | સુરત | ૫૦૦/- |

### ઓનલાઈન લવાજમ ભરવા માટે

**લવાજમ ખાતાનું નામ: ગોરક્ષા પાત્ર**
**બેંક: યુનાઈટેડ બેંક ઓફ ઈંડીયા**
**શાખા: મલાડ (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૬૪.**
**ખાતા નંબર 0732050014535 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC : UTBI0MLD625**

### લવાજમ સંબંધી સૂચના

ઘણા ગ્રાહકો લવાજમ ONLINE કે બેન્કમાં રોકડા ભરે છે પરન્તુ તેમના નામ, પાસબુકમાં REFLECT નથી થતા તો ગ્રાહકોને વિનંતિ કે લવાજમ ભર્યા બાદ આપનું નામ, ગામ, ગ્રાહક નંબર અને લવાજમની રકમ WHAT'S APP NO.7506750251 અથવા 9323412471 પર જણાવવા વિનંતિ

**માણસની નાદાની પણ ખરેખર બેમીસાલ છે.**
**અંધારું મનમાં છે અને દીવો મંદિરમાં કરે છે.**
**- મોરારી બાપૂ**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

## પરીક્ષા

એક જ ક્લાસમાં ભણતી આયુષી અને ઈશાની બંને ભણવામાં હોંશિયાર આમ તો બહેનપણી પણ એકબીજાની હરીફેય ખરી. મોટાભાગે ક્લાસમાં આયુષીનો નંબર પહેલો આવે અને ઈશાનીનો બીજો. જો કે ક્યારેક ઈશાની પહેલો નંબર મારી જાય. આયુષી મધ્યમવર્ગી નોકરિયાત પિતાની પુત્રી, જ્યારે ઈશાનીના પિતા શ્રીમંત ઉદ્યોગપતિ બંને એકબીજાના ઘરે આવે જાય. બંનેને સાથે ભણવાનું વધુ ગમે.

વર્ગમાં ભાગ્યે જ ગેરહાજર રહેતી આયુષી હમણાં થોડા દિવસથી ગેરહાજર રહેતી હતી તેથી ઈશાનીને ચિંતા થઈ. તપાસ કરતાં ખબર પડી કે આયુષીને બિમાર માતાની સંભાળ લેવા માટે અને ઘરના નાનાં મોટા કામ નિપટાવવા માટે ઘરે રહેવું પડે છે. શાળાએથી છૂટ્યા પછી ઈશાની આયુષીના ઘરે પહોંચી ત્યારે આયુષી તેની મમ્મી પાસે બેસીને તેના માથે ભીનાં પોતાં મૂકી રહી હતી. પ્રિય સખીને ઘરે આવેલી જોઈને આયુષી સ્મિત કરતાં કરતાં ઊભી થઈને ઈશાનીને ભેટી પડી. બે સખીઓ ક્યાંય સુધી એકબીજાને વળગીને વાતો કરતી રહી. ઈશાની પછી આયુષીની મમ્મી પાસે આવીને તેમના ખબર પૂછતાં પૂછતાં પગ દબાવવા લાગી. વાતવાતમાં તેણે આયુષીને ક્લાસમાં ચાલી ગયેલાં અભ્યાસક્રમની પુરી માહિતી આપી. વાત સાંભળીને આયુષીએ કહ્યું, ‘મારી ગેરહાજરી દરમ્યાન ઘણો અભ્યાસક્રમ ચાલી ગયો લાગે છે. હું બહુ પાછળ રહી ગઈ. હવે કેમ કરીને આટલું બધુ પાકુ કરી શકીશ ?’ ઈશાની કહે, ‘તું ચિંતા ન કર. હું તને શક્ય તમામ મદદ કરીશ.’ પછી તો વાર્ષિક પરીક્ષા નજીક આવતી હોવાથી ઈશાનીએ આયુષીના ઘરે આવીને પોતાની નોટબુકની નોંધમાંથી ચાલી ગયેલાં બધા સ્વાધ્યાય આયુષીને શીખવી દીધાં. આયુષી ખૂબ મહેનત કરીને વર્ગમાં બધા સાથે થઈ ગઈ. તેણે ઈશાનીને કહ્યું, ‘બહેના, તારો ઉપકાર કદિયે નહિ ભૂલાય.’

વાર્ષિક પરીક્ષા આવી ત્યારે આયુષીએ ખૂબ આત્મવિશ્વાસપૂર્વક તમામ વિષયોના પ્રશ્નપત્રોના જવાબ સારી રીતે લખ્યાં. આમ છતાં તેને થતું હતું કે આ વખતે પોતે કદાચ પહેલો નંબર જાળવી નહિ શકે.

પરિણામ આવ્યું ત્યારે બધાના આશ્ચર્ય વચ્ચે આયુષીનો પહેલો નંબર આવ્યો અને ઈશાનીનો બીજો.

ઈશાનીની માર્કશીટ જોઈને તેની મમ્મીએ પૂછયું, ‘બેટા, તેં પરીક્ષાની તૈયારી ખૂબ સરસ રીતે કરેલી અને આયુષીનો અભ્યાસ આ વર્ષે ઘણો બગડેલો તો પણ તારો નંબર પહેલા કેમ ન આવ્યો ?’ ઈશાનીએ કહ્યું, ‘મોમ આયુષી અભ્યાસમાં ઘણી પાછળ રહી ગયેલી એ ખરું, પણ તેણે મારી નોટબુકની મદદથી ઘણું બધું શીખીને પાકું કરી લીધેલું. સાચું કહુ મમ્મી, એક સમયે મને એવો વિચાર આવેલો કે ક્લાસમાંની ગેરહાજરીને કારણે આયુષી અભ્યાસમાં ઘણી પાછળ રહી ગઈ છે ત્યારે મારા માટે આ વર્ષે પહેલો નંબર મેળવવાનો સારો ચાન્સ છે પણ તરત જ મારા અંતરાત્માએ મને ટકોરેલી કે ઈશાની બહેનપણીની લાચારીનો ફાયદો ઉઠાવવામાં તારી કોઈ હોંશિયારી નથી. વળી, પરીક્ષા વખતે દરેક વિષયના પ્રશ્નપત્રના જવાબ લખતી વખતે મને થયું કે આયુષી

**- અનુસંધાન પાના નં.૧૩ પર**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ શામળજી દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૯૩૨૩૪૧૨૪૭૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ : શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરુ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**“Licence to Post Without Pre Payment”**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2018**



**ગોરક્ષા પાત્ર**
**ગાય બૈલ બચેંગે**
**દેશ બચેગા**

To,